અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ ઓક્ટોબર ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો વદ ૯ | અંક : ૧૦૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝનો કર્યો વ્હાઈટવોશ

# દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડીઝે હરાવીને ભારતે સિરીઝ ૨-૦થી જીતી લીધી

## કુલદીપ અને જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી, કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ ૧૭૫ રન કર્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતીય ક્રિકેટ ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની બે મેચની ટેસ્ટ સીરિઝમાં શાનદાર પ્રદર્શન કરતાં ૨-૦થી ક્લિન સ્વીપ કર્યું છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી બીજી અને અંતિમ ટેસ્ટ મેચ ભારતે સાત વિકેટથી જીતી લીધી છે. ભારતીય ટીમે રમતના પાંચમા અને અંતિમ દિવસ (૧૪મી ઓક્ટોબર)ના પહેલા સત્રમાં જ જીત માટેનો ૧૨૧ રનનો લક્ષ્યાંક આસાનીથી હાંસલ કરી લીધો હતો. ભારતની જીતમાં યુવા ખેલાડીઓ કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપ યાદવે મેચમાં કુલ ૮ વિકેટ ઝડપ ીને વેસ્ટ ઈન્ડિઝના બેટિંગ ક્રમને ધ્વસ્ત કર્યો હતો. જ્યારે યુવા ઓપનર યશસ્વી જયસ્વાલે પહેલી ઈનિંગમાં ૧૭૫ રનની શાનદાર સદી ફટકારીને ભારતને વિશાળ લીડ અપાવવામાં મદદ કરી હતી. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે પ હેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમે યશસ્વીની સદીની મદદથી ૫ વિકેટે ૫૧૮ રન બનાવીને ઈનિંગ ડિકલેર કરી હતી અને ૨૭૦ રનની મજબૂત લીડ મેળવી હતી. ભારતે વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપ્યું હતું, જેમાં વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવી શકી હતી, જેના કારણે ભારતને જીતવા માટે ૧૨૧ રનનો નાનો લક્ષ્યાંક મળ્યો હતો. આ જીત સાથે, ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ સીરિઝમાં જીતનો પોતાનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ સામે ભારતનો આ સતત ૧૦મો ટેસ્ટ સીરિઝ વિજય છે. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લે ૨૦૦૨માં ભારતને ટેસ્ટ સીરિઝમાં હરાવ્યું હતું. ત્યારથી, વેસ્ટ ઈન્ડિઝ ભારત સામે એક પણ ટેસ્ટ મેચ જીતી શક્યું નથી. નોંધનીય છે કે ભારતે સીરિઝની પહેલી ટેસ્ટ અમદાવાદમાં ૧૪૦ રનના મોટા અંતરથી જીતી હતી. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી અને અંતિમ મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. ભારતીય ટીમે સાત વિકેટથી જીત મેળવી હતી. ૧૨૧ રનનો ટાર્ગેટ ટીમે પાંચમા દિવસના પહેલા સેશનમાં જ મેળવી લીધો હતો. કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ સદી (૧૭૫ રન) ફટકારી હતી. આ જીત સાથે ભારતીય ટીમે ટેસ્ટ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને ૨-૦થી ક્લીન સ્વીપ કરી દીધું હતું. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે તેની બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાએ તેની પહેલી ઈનિંગ ૫૧૮/૫ પર ડિકલેર કરી હતી, જ્યારે વેસ્ટ ઈન્ડિઝે તેની પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતે તેની પહેલી ઈનિંગના આધારે ૨૭૦ રનની લીડ મેળવી હતી અને ફોલો-ઓન લાગુ કર્યું હતું. ભારતીય ટીમે અમદાવાદમાં શ્રેણીની પહેલી ટેસ્ટમાં એક ઈનિંગ અને ૧૪૦ રનથી શાનદાર વિજય મેળવ્યો હતો. આ ભારતનો વેસ્ટ ઈન્ડિઝ સામે સતત ૧૦મો ટેસ્ટ શ્રેણી વિજય છે. વેસ્ટ ઈન્ડિઝે છેલ્લે ૨૦૦૨માં પાંચ મેચની ટેસ્ટ શ્રેણી (૨-૧)માં ભારતને હરાવ્યું હતું. ત્યારથી, વેસ્ટ ઈન્ડિઝે ભારત સામે એક પણ ટેસ્ટ મેચ જીતી નથી.



### ભારતનો વેસ્ટ ઈન્ડિઝ સામે સતત ૧૦મો ટેસ્ટ શ્રેણી વિજય

**૧૨૧ રનનો ટાર્ગેટ ટીમે પાંચમા દિવસના પહેલા સેશનમાં જ મેળવી લીધો હતો. કુલદીપ યાદવ અને યશસ્વી જયસ્વાલે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. કુલદીપે મેચમાં કુલ આઠ વિકેટ લીધી હતી, જ્યારે યશસ્વીએ સદી (૧૭૫ રન) ફટકારી હતી. આ જીત સાથે ભારતીય ટીમે ટેસ્ટ શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને ૨-૦થી ક્લીન સ્વીપ કરી દીધું હતું. દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝે તેની બીજી ઈનિંગમાં ૩૯૦ રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાએ તેની પહેલી ઈનિંગ ૫૧૮/૫ પર ડિકલેર કરી હતી, જ્યારે વેસ્ટ ઈન્ડિઝે તેની પહેલી ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા હતા. ભારતે તેની પહેલી ઈનિંગના આધારે ૨૭૦ રનની લીડ મેળવી હતી અને ફોલો-ઓન લાગુ કર્યું હતું.**

### રવિન્દ્ર જાડેજાને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરાયો



**ભારતે દિલ્હી ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને ૭ વિકેટથી હરાવીને શ્રેણી ૨-૦ થી જીતી લીધી. બીજી ટેસ્ટમાં કુલદીપ યાદવે શાનદાર પ્રદર્શન કરતા ૮ વિકેટ લીધી હતી, જે બદલ તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો, જ્યારે ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાને તેના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો. જાડેજાએ શ્રેણીમાં કુલ આઠ વિકેટ લીધી હતી અને પ્રથમ ટેસ્ટમાં સદી ફટકારી હતી. તેણે કુલ ૬૮ ઓવર ફેંકી હતી, જે ટીમની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. જાડેજાએ કહ્યું "મને વધુ ઓવર ફેંકવાની તક મળી. અમારી ટીમ છેલ્લા પાંચ-છ મહિનાથી જે પ્રકારનું ક્રિકેટ રમી રહી છે તે ઉત્તમ રહ્યું છે. એક ટીમ તરીકે, તે એક સારો સંકેત છે કે અમે લાંબા સમયથી આ સ્તરે પ્રદર્શન કરીશું."**

### પાક. સ્થિત તહરીક-એ-લબ્બેકના વડા રિઝવીને ગોળીઓ વાગતાં હાલત ગંભીર

# પાક.માં TLPનું હિંસક વિરોધ પ્રદર્શન પોલીસ અધિકારી સહિત પાંચનાં મોત

## તંત્રએ સ્થિતિ પર કાબૂ મેળવવા માટે લાહોર તથા ઈસ્લામાબાદના રસ્તાઓ પર બેરિકેડ ગોઠવીને વાહનોની અવરજવર બંધ કરી દીધી છે



। (એજન્સી) ઇસ્લામાબાદ, તા.૧૪ ।

ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે થયેલા યુદ્ધવિરામની સમજૂતીનો વિરોધ કરી રહેલા પાકિસ્તાન સ્થિત કટ્ટર ઈસ્લામિક જૂથ તહરીક-એ-લબ્બેક (ટીએલપી) દ્વારા હિંસાને વધુ ભડકાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પેલેસ્ટેનિયનનું સમર્થન કરી રહેલા ટીએલપીના સમર્થકો અને પોલીસ વચ્ચે ઘર્ષણના બનાવો નોંધાયા છે. પંજાબ પોલીસના પ્રવક્તા મુબાશિર હુસૈને પુષ્ટિ કરતા જણાવ્યું કે, અથડામણમાં પોલીસ સ્ટેશનના ઓફિસર (એસએચઓ)નું મોત થયું હતું. જ્યારે ટીએલપીના ચાર સભ્યો પણ મોતને ભેટ્યા હતા.તંત્રએ સ્થિતિ પર કાબૂ મેળવવા માટે લાહોર તથા ઈસ્લામાબાદના રસ્તાઓ પર બેરિકેડ ગોઠવીને વાહનોની અવરજવર બંધ કરી દીધી છે. વધુ હિંસાની આશંકાએ ઈસ્લામાબાદમાં કેટલીક શાળાઓને વહેલી બંધ કરવાની ફરજ પડી હતી. બીજી બાજુ, બિનસત્તાવાર આંકડામાં ૫૦થી વધુ પોલીસકર્મીઓ માર્યા ગયા છે અને ૨૦૦થી વધુ પ્રદર્શનકારીઓ હણાયા હોવાનું જાણવા મળ્યું છે. સૈંકડો લોકોને ઈજા પહોંચી છે. શુક્રવારે ટીએલપીના સમર્થકોએ લાહોરમાં વિરોધ રેલીનું આયોજન કર્યુ હતું અને ઈસ્લામાબાદ સ્થિત યુએસ દૂતાવાસ ખાતે દેખાવો કરવાની તેમની યોજના હતી. ગાઝા અને પેલેસ્ટાઈનના સમર્થનમાં આ રેલી યોજાઈ હતી. ત્યારે પાક. પોલીસે ટીએલપી પર કડક કાર્યવાહી કરતાં મોટાપ ાયે પાકિસ્તાન રેન્જર્સ તથા પાંચ જિલ્લામાંથી પોલીસ કાફલાને ટીએલપીની છાવણી એવા મુરિદકે ખાતે તૈનાત કર્યા હતા. ટીએલપીના વડા હાફિઝ સાદ હુસૈન રિઝવીને અનેક ગોળીઓ વાગતાં તેની હાલત ગંભીર હોવાનું જણાય છે.ઠેરઠેર હિંસક અથડામણમાં ૨૫૦ જેટલા કાર્યકરોની હત્યા કરાઈ હોવાનું જ્યારે ૧,૫૦૦ જેટલા ઈજાગ્રસ્ત થયા હોવાનો ટીએલપીએ દાવો કર્યો છે. પોલીસે અગાઉ બે વખત મુરિદકેમાં એકત્ર થયેલા ટીએલપીના સમર્થકોને ઈઝરાયેલ વિરોધી રેલી યોજીને ઈસ્લામાબાદ તરફ કૂચ કરતા અટકાવ્યા હતા. પોલીસે બળપ્રયોગ કર્યો હતો તથા ટોળાને વિખેરવા ટીયર ગેસના સેલ પણ છોડ્યા હતા. ટીએલપીના વડા હાફિઝ સાદ હુસૈન રિઝવીને અનેક ગોળીઓ વાગતાં તેની હાલત ગંભીર હોવાનું જણાય છે.ઠેરઠેર હિંસક અથડામણમાં ૨૫૦ જેટલા કાર્યકરોની હત્યા કરાઈ હોવાનું જ્યારે ૧,૫૦૦ જેટલા ઈજાગ્રસ્ત થયા હોવાનો ટીએલપીએ દાવો કર્યો છે. પોલીસે અગાઉ બે વખત મુરિદકેમાં એકત્ર થયેલા ટીએલપીના સમર્થકોને ઈઝરાયેલ વિરોધી રેલી યોજીને ઈસ્લામાબાદ તરફ કૂચ કરતા અટકાવ્યા હતા. પોલીસે બળપ્રયોગ કર્યો હતો તથા ટોળાને વિખેરવા ટીયર ગેસના સેલ પણ છોડ્યા હતા.

### ભારત વિરુદ્ધ ઝેર ઓંકનારા મુનીર બન્યા ટ્રમ્પના 'ફેવરિટ'

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૪ ।

પાકિસ્તાન અને અમેરિકા વચ્ચે સબંધો ઘણા નજીક આવી રહ્યા દેખાઈ રહ્યા છે. અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાની સેનાના વડા ફિલ્ડ માર્શલ આસિમ મુનીરને 'ફેવરિટ' ગણાવીને તેમના જાહેરમાં વખાણ કર્યા હતા. મહત્ત્વની વાત એ છે કે, જે કાર્યક્રમમાં ટ્રમ્પે મુનીરની પ્રશંસા કરી હતી, ત્યાં તેઓ હાજર પણ નહોતા. બીજી તરફ, પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે ફરી એકવાર ભારત સાથે યુદ્ધવિરામ કરાવવાનો શ્રેય ટ્રમ્પને આપ્યો હતો.ઈજિપ્તમાં આયોજિત ગાઝા શાંતિ શિખર સંમેલનમાં વિશ્વના અનેક મોટા નેતાઓ એકઠા થયા હતા, જેમાં પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફ પણ હાજર હતા, પરંતુ આર્મી ચીફ આસિમ મુનીર હાજર નહોતા. ટ્રમ્પે જ્યારે વડા પ્રધાન શરીફને સંબોધન માટે આમંત્રણ આપ્યું ત્યારે તેમણે કહ્યું, "પાકિસ્તાનના વડા પ્રધાન શરીફપ અને મારે કહેવું પડશે કે પાકિસ્તાનના મારા ફેવરિટ ફિલ્ડ માર્શલ, જે અહીં નથી, પરંતુ વડા પ્રધાન અહીં છે."ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે તાજેતરમાં જ વ્હાઈટ હાઉસમાં શરીફ અને મુનીર સાથે મુલાકાત કરી હતી અને તે દરમિયાન પણ તેમણે પાકિસ્તાની સેના પ્રમુખની ભારે પ્રશંસા કરી હતી.

### અટલજીના સમયે આપણે ફીલ ગુડ જોઈ લીધુ છે

# ભાજપે ફીલ ગુડમાં ન રહેવું જોઈએ : ગિરિરાજ સિંહ

## આજે કાર્યકરો મને નારાજ દેખાય છે, જે સીટ આપણે ૫૦૦ મતથી હારી ગયા, તેને પણ આપણે બીજા પક્ષને આપી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।



બિહાર ચૂંટણી પહેલા એનડીએ અને મહાગઠબંધન બંનેમાં દિગ્ગજ ચહેરાઓની નારાજગી હવે ધીરે ધીરે ખુલીને સામે આવી રહી છે. આ કડીમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ગિરિરાજ સિંહે ભાજપના ઉમેદવારોની પ સંદગી અંગે મોટું નિવેદન આપ્યું છે. એનડીએની સીટ ફાળવણી અંગે સતત ચાલી રહેલી બેઠકથી દૂર હોવાના સવાલ પર ગિરિરાજ સિંહે કહ્યું કે બેઠકમાં જે દેખાવા જોઈએ તે દેખાય છે અને જે ન દેખાવા જોઈએ તે નથી દેખાતા. ગિરિરાજ સિંહે કહ્યું કે ભાજપે ફીલ ગુડમાં ન રહેવું જોઈએ. અટલજીના સમયે આપણે ફીલ ગુડ જોઈ લીધુ છે, જેનું ખુબ મોટું નુકસાન થાય છે. ગિરિરાજ સિંહે કહ્યું, અહીં જાતીય સમીકરણ બેસતું નથી. મુઘલો અને અંગ્રેજોએ હિન્દુઓને જાતિઓમાં તોડ્યા, જવાહરલાલ નહેરુએ પણ આ જ કામ કર્યું અને આજે પણ રાજનેતાઓ એ જ કરે છે. તેઓ હિન્દુઓને જાતિઓમાં તોડે છે અને સમીકરણથી વિપ રિત નિર્ણય લે છે. તેના અંગે સ્થાનિક લોકોમાં નારાજગી છે. ગિરિરાજ સિંહે કહ્યું કે, આજે કાર્યકરો મને નારાજ દેખાય છે. જે સીટ આપણે ૫૦૦ મતથી હારી ગયા, તેને પણ આપણે બીજા પક્ષને આપી દીધી.

### વોટચોરીના નક્કર પુરાવા ના હોય ત્યાં સુધી પ્રશ્નો કરી શકાય નહીં: સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

દેશમાં 'વોટચોરી'ને લઈને ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કર્ણાટક ચૂંટણીમાં બેંગલુરુ સેન્ટ્રલ સહિત કેટલીક વિધાનસભા સીટોમાં વોટચોરી થઈ હોવાના દાવો કર્યા હતા. આ સંદર્ભે તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરાઈ હતી. પરંતુ સોમવારે સુપ્રીમ કોર્ટે અરજીકર્તાઓની દલીલોને અપૂરતી ગણાવીને આ અરજી ફગાવી દીધી છે. આ સાથે સુપ્રીમ કોર્ટે કહ્યું કે મતદાર યાદીની અદ્યતન અને સંશોધન પ્રક્રિયા ચૂંટણી પંચના અધિકાર ક્ષેત્રમાં આવે છે .

### ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટે માહિતી આપી

# ઇન્ડિયા પોસ્ટ અમેરિકા માટે તમામ ટપાલ સેવાઓ ફરીવાર શરૂ

## પત્રો, પાર્સલ અને એક્સપ્રેસ કન્સાઈનમેન્ટ્સ સહિતની સેવાઓ આવતીકાલે ૧૫ ઓક્ટોબરથી ફરી શરૂ થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।




ઈન્ડિયા પોસ્ટ આવતીકાલથી અમેરિકા માટે તમામ કેટેગરીની ટપાલ સેવાઓ ફરી શરૂ કરવા જઈ રહ્યું છે. ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટે આ અંગે માહિતી આપી હતી કે, લોજિસ્ટિકલ પડકારો અને એર મેઈલ સંચાલનમાં ખામી સર્જાતાં અમેરિકામાં સસ પેન્ડ કરવામાં આવેલી પ ત્રો, પાર્સલ અને એક્સપ્રેસ કન્સાઈનમેન્ટ્સ સહિતની સેવાઓ આવતીકાલે ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫થી ફરી શરૂ થશે. ભારત અને અમેરિકા વચ્ચે ફ્લાઈટની મર્યાદાઓ અને સંચાલનમાં પડકારો નડતાં ઘણા મહિનાઓથી બંધ પડેલી ટપાલ સેવાઓ આવતીકાલથી ફરી શરૂ થતાં ગ્રાહકોને ખાનગી કરતાં નીચા દરે પાર્સલ સહિતની ટપાલ સેવાઓનો લાભ મળશે. તમામ કેટેગરીના મેઈલ અને પાર્સલ ફરી એકવાર ઈન્ડિયા પોસ્ટ મારફત અમેરિકા મોકલી શકાશે. યુએસ વહીવટીતંત્ર દ્વારા જાહેર કરાયેલા એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૩૨૪ને અનુસરતાં ૨૨ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ઓફિસ મેમોરેન્ડમ દ્વારા અમેરિકા માટે ટપાલ સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી. જેણે તમામ પોસ્ટલ શિપમેન્ટ માટે ડી મિનિમિસ ટ્રીટમેન્ટ સ્થગિત કરી હતી.

### સેના પર પણ ગંભીર આરોપ

# વધુ એક દેશમાં Gen-Z આંદોલન રાષ્ટ્રપ્રમુખ દેશ છોડી ભાગ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

નેપાળમાં હિંસક આંદોલન કરી ઘેહ ઢ એટલે કે યુવાઓ દ્વારા સરકાર ઉથલાવી દેવામાં આવતાં હવે વિવિધ દેશોના યુવાઓએ પોતાના દેશની સરકાર વિરૂદ્ધ આંદોલન છેડ્યું છે. આ પહેલા નેપાળમાં ઝેન-ઝેડે ઉગ્ર આંદોલન કરી સત્તા પલટાવી નાખી હતી, હવે ટાપુ દેશ મડાગાસ્કરમાં યુવાઓ ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે. અઠવાડિયાઓ સુધી ચાલેલા યુવાનોના ઉગ્ર વિરોધ-પ્રદર્શન બાદ ત્યાંના રાષ્ટ્રપ્રમુખ આંદ્રે રાજોએલિના દેશ છોડીને ભાગી ગયા છે. રાજોએલિનાએ એક દિવસ અગાઉ રવિવારે જ દાવો કર્યો હતો કે, સેનાની મદદથી દેશમાં તખ્તાપલટના પ્રયાસો થઈ રહ્યા છે.આ પહેલા ગયા મહિને નેપાળમાં પણ યુવાઓ દ્વારા આવા જ ઉગ્ર વિરોધ-પ્રદર્શનો થયા હતા, જેના પગલે ત્યાંના વડાપ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. રેડિયો ફ્રાન્સ ઈન્ટરનેશનલના રિપોર્ટ મુજબ, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનની વિનંતી પર રવિવારે એક ફ્રેન્ચ સૈન્ય વિમાને રાષ્ટ્રપ્રમુખ આંદ્રે રાજોએલિના ને ત્યાંથી સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

### આતંકવાદીઓએ આ વિસ્તારમાંથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સુરક્ષા દળોએ તેને નિષ્ફળ બનાવ્યો

# જમ્મુ કાશ્મીરના કુપવાડામાં ૨ આતંકવાદીઓ ઠાર થયા

। (એજન્સી) જમ્મુ, તા.૧૪ ।

મંગળવારે સવારે જમ્મુ અને કાશ્મીરના કુપવાડામાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા. ૧૩ ઓક્ટોબરના રોજ સાંજે ૭ વાગ્યાથી ભારત-પાકિસ્તાન સરહદ (LOC) નજીકના કુમ્બકડી જંગલમાં આ કાર્યવાહી ચાલી રહી હતી. અગાઉ, ૮ સપ્ટેમ્બરના રોજ, સેનાએ કાશ્મીરના કુલગામમાં એક એન્કાઉન્ટર દરમિયાન બે આતંકવાદીઓને ઠાર માર્યા હતા. ગુદર જંગલમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એક્રાઉન્ટર થયું હતું. સેનાએ તેને "ઓપરેશન ગુડ્ડર" નામ આપ્યું હતું. એક્રાઉન્ટર દરમિયાન બે સૈનિકો પણ ઘાયલ થયા હતા. ઓપરેશન ગુડ્ડરમાં માર્યા ગયેલા આતંકવાદીઓમાંથી એકની ઓળખ અમીર અહેમદ ડાર તરીકે થઈ છે, જે શોપિયાનો રહેવાસી છે. તે લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલો હતો અને સપ્ટેમ્બર ૨૦૨૩ થી સક્રિય હતો. પહેલગામ હુમલા બાદ સુરક્ષા એજન્સીઓ દ્વારા જાહેર કરાયેલા ૧૪ આતંકવાદીઓની યાદીમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જમ્મુના આરએસપુરા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર એક પાકિસ્તાની ઘુસણખોરની ધરપકડ કરવામાં આવી હતી. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના સરગોધાના રહેવાસી સિરાજ ખાન તરીકે ઓળખાતા ઘુસણખોરને ઓક્ટ્રોય પોસ્ટ પર તૈનાત બીએસએફના જવાનોએ જોયો હતો. થોડા રાઉન્ડ ગોળીબાર કર્યા પછી, તેને સરહદ વાડ નજીક પ કડી લેવામાં આવ્યો હતો.

### WHO એ આ ઉત્પાદનોને ખતરનાક જાહેર કર્યા

# WHOએ કોલ્ડ્રિફ મામલા બાદ ત્રણ કંપનીને કડક ચેતવણી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ભારતમાં ઝેરી કફ સિરપને કારણે ૨૦થી વધુ બાળકોના મોત થઈ ગયા છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ આ બાબતની નોંધ લીધી છે અને ત્રણ દવા કંપનીઓને ચેતવણી આપી છે. તેની કફ સિરપને લઈને એલર્ટ આપવામાં આવ્યું છે. તેમાં કોલ્ડ્રિફ પણ સામેલ છે, જેના કારણે મધ્યપ્રદેશમાં ઘણા બાળકોના મોત થયા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કહ્યું કે આ કફ સિરપ કોઈ જગ્યાએ જોવા મળે તો તત્કાલ જાણકારી આપો. ન્યૂઝ એજન્સી રોયટર્સના અહેવાલ પ્રમાણે ગ્લોબલ હેલ્થ એજન્સીએ શ્રીસન ફાર્માની કોલ્ડ્રિફ, રેડનેક્સ ફાર્માની રેસ્પિફ્રેશ ટીઆર અને શેપ ફાર્માની રિલાઈફ સિરપના ખાસ બેચની ઓળખ કરી છે, જેમાં મિશ્રણ જોવા મળ્યું છે.

WHO નું કહેવું છે કે આ સિરપ સ્વાસ્થ્ય માટે ખતરો પેદા કરી શકે છે. તેના કારણે ગંભીર અને જીવલેણ બીમારી પણ થઈ શકે છે.

# ક્રેડિટ કાર્ડની લિમીટ વધારવાના બહાને રૂપિયા ૧.૨૫ લાખનો ચુનો લગાવ્યો

**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।**

ડિજિટલ એરેસ્ટ અને ઓનલાઈન ફ્રોડના વધતા કિસ્સામાં વધુ એકનો ઉમેરો થયો છે. તેમાં ઓનલાઈન ફ્રોડ કરનાર ડોક્ટરને શિકાર બનાવીને ક્રેડિટ કાર્ડની લીમીટ વધારવાના બહાને રૂપિયા ૧.૨૫ લાખનો ચુનો લગાવી દીધો હતો. એચડીએફસી બેંકના વિભાગમાંથી વાત કરતી હોવાનું જણાવી અજાણી મહિલાએ વોટ્સએપ વિડીયો કોલ કરીને વાતો દરમિયાન ઓટીપી મેળવી લઈને સ્વીગી ફૂડમાં નાણાનું ટ્રાન્ઝેકશન કરી નાંખ્યુ હતું.ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં શ્રીફળ હાઇટ્સમાં રહેતા મુળ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરના વતની અને સૌરાષ્ટ્રમાં આટકોટ ગામે આવેલી મેડિકલ કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરતાં ડો. કેયુર ખિમદાસભાઈ નિમાવતે ઈન્ફોસિટી પોલીસ મથકમાં આ બનાવ સંબંધે




નોંધાવી છે.ફરિયાદમાં જણાવવામાં આવ્યા પ્રમાણે ગત મે મહિનાની તારીખ ૨૩મીએ બપોરના સમયે તેના પર અજાણી મહિલાનો વોટ્સઅપ વોઈસ કોલ આવ્યો હતો. જેમાં એચડીએફસી બેંકને ક્રેડિટ કાર્ડ વિભાગમાંથી વાત કરતી હોવાનું જણાવીને તેણે ક્રેડિટ કાર્ડની લીમીટ વધારી શકાય તેમ હોવાનું જણાવતા ફરિયાદી ડોક્ટરે હા પાડી હતી. જેના પગલે મહિલાએ વિડીયો કોલ કર્યો હતો. પરંતુ તેમાં તેનો ચહેરો દેખાતો ન હતો, પરંતુ એચડીએફસી બેંકનો લોગો દેખાતો હતો. અજાણી મહિલાએ ક્રેડિટ કાર્ડની લીમીટ વધારવા સંબંધેની વાતો કરીને વિશ્વાસ કેળવ્યો હતો. તે દરમિયાન ઓટીપી નંબર આવ્યો હતો અને થોડીવારમાં જ ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા ૧,૨૫,૦૦૪નું ટ્રાન્ઝેક્શન થયાનો ઈ મેઈલ તથા ટેક્સ્ટ મેસેજ પણ આવ્યો હતો. આ દરમિયાન જ બીજો ઓટીપી પણ આવતાં શંકા પડવાથી ફરિયાદીએ વિડીયો કોલ કાપી નાંખ્યો હતો. મેસેજ વિગતે જોતા સ્વીગી ફૂડમાં ટ્રાન્ઝેક્શન થયાનું જણાયુ હતું. ફરિયાદીએ તુરંત સાયબર હેલ્પ લાઈન૧૯૩૦ પર ઓનલાઈન ફરિયાદ કરવા સાથે બેંકમાં પણ જાણ કરી હતી. પરંતુ બેંક દ્વારા કાર્ડના બિલની રકમ ભરપાઈ કરવા માટે અવાર નવાર ફોન કરીને એફઆઈઆરની નકલ માંગતા હોવાથી આખરે પોલીસ સ્ટેશન પહોંચીને ફરિયાદ નોંધાવી હતી.

### ૧૧ લાખનો જથ્થો જપ્ત કરાયો

# ઇડરના ઉમેદપુરા ગામમાં ગાંજાનું મોટું વાવેતર પકડાયું

## ઇડર પોલીસે બંને આરોપીઓ સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

**। (એજન્સી) પોશીના, તા.૧૪ ।**ઈડર તાલુકાના ઉમેદપુરા ગામે આવેલા માળિયાવાળા કૂવા તરીકે ઓળખાતી જગ્યા પર ગેરકાયદે ઉગાડવામાં આવેલા ગાંજાના ૧૮૭ છોડ કિં.રૂ. ૧૧,૩૯,૯૬૦નો જથ્થો ઈડર પોલીસે ઝડપી પાડ્યો હતો. આ મામલે ખેતર માલિક અને ભાગેથી વાવેતર કરનારા એમ બે જણાને ઈડર પોલીસે ઝડપી લઈ એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસસૂત્રોમાંથી મળતી મહિતી મુજબ ઈડર તાલુકા ઉમેદપુરા ગામના મહેન્દ્રભાઈ જયંતીભાઈ પટેલના માલિકીના માળિયાવાળા કૂવા ઉપર આવેલી ખુલ્લી જગ્યામાં



ગેરકાયદે ગાંજાના છોડનું વાવેતર કરાયું હતું. આ અંગેની પોલીસને માહિતી મળતાં ઈડર પોલીસે સ્થળ પર દોડી જઈ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન લીલા તથા સૂકા ગાંજાના કુલ ૧૮૭ છોડ મળી આવ્યા હતા. ગાજાના છોડનું કુલ વજન ૧૧૪ કિલો ૪૧ ગ્રામ હતું. જેની આશરે કિં.રૂ.૧૧,૩૯,૯૬૦નો મુદામાલ ઝડપી પાડ્યો હતો. બને આરોપીઓ સામે ગેરકાયદે ગાંજાના છોડ ઉગાડીને અને કાપણી કરીને સ્થળ પર જ રાખ્યા હતા. ઈડર પોલીસે બંને આરોપીઓ સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વધુ તપાસ ચાલુ છે.

## વેબસાઈટ સાથે ચેડાં કરી ઊંચા ભાવે ટિકિટ વેચતા ૩ આરોપીઓની ધરપકડ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।**

સાસણગીરના પ્રવાસી સ્લોટના બોગસ બુકિંગ મામલે ગુજરાત સાયબર ક્રાઈમે મોટી કાર્યવાહી કરી છે. વન વિભાગની વેબસાઈટ સાથે ગેરકાયદેસર ચેડાં કરીને સિંહ દર્શનની ટિકિટોની કૃત્રિમ અછત ઊભી કરી ઊંચા ભાવે વેચાણ કરતા ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

સીઆઈડી ક્રાઈમ દ્વારા હાથ ધરાયેલી તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓ સિંહ દર્શન માટેની ઓનલાઈન પરમિટ બુકિંગની સરકારી વેબસાઈટની સરળતાનો દુરુપયોગ કરતા હતા. સરકારી નિયમ મુજબ એક વ્યક્તિને એક પરમિટ મળવી જોઈએ, પરંતુ આરોપીઓ એક જ નામે, ઈમેઈલ આઈડીમાં સામાન્ય ફેરફાર (નામ વધારીને) કરીને ગેરકાયદેસર રીતે એકથી વધુ સ્લોટ બુક કરી લેતા હતા.

આરોપીઓ દ્વારા અત્યાર સુધીમાં થયેલા કુલ ૮૩ હજારથી વધુ બુકિંગમાંથી અંદાજે ૧૨ હજાર જેટલા બુકિંગ અનઅધિકૃત રીતે કરવામાં આવ્યા હતા. આ આરોપીઓ સામાન્ય દિવસો કરતાં વધુ ભાવે અને જ્યારે પ્રવાસીઓનો ધસારો વધુ હોય ત્યારે મૂળ સરકારી ચાર્જ કરતાં બમણાથી નવ ગણા ભાવે આ ટિકિટોનું વેચાણ કરતા હતા, જેનાથી પ્રવાસીઓ પાસેથી મસમોટી રકમ પડાવી લેવામાં આવી હતી. બોગસ બુકિંગમાં છમ્ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ અને નાઝ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ જેવી એજન્સીઓના નામો સામે આવ્યા છે.

સાયબર ક્રાઈમે આ મામલે કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે, અલ્પેશ ભલાણી (રહે. થલતેજ, અમદાવાદ), સુલતાન બલોચ (રહે. સાસણ ગીર), એજાજ શેખ (રહે. સાસણ ગીર)

સેન્ટર ઓફ એક્સેલન્સના જીઁ વિવેક ભેડાના જણાવ્યા મુજબ, આરોપીઓ દ્વારા પહેલેથી જ રજિસ્ટ્રેશન કરાવી લેવામાં આવતું હતું જેથી તેઓ એકસાથે અનેક પરમિટ બેરિયર બુક કરી શકે. હાલમાં ઝડપાયેલા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને અન્ય ટ્રાવેલ્સ એજન્ટો કે વ્યક્તિઓ આ રીતે ગેરકાયદેસર બુકિંગ કરતા હશે તો તેમની પણ તપાસ કરવામાં આવશે.

### બોટાદમાં બબાલ બાદ મોટું એક્શન

# પ્રવીણ રામ, રાજુ કરપડા સહિત ૮૫ સામે ફરિયાદ

## હડદડ ગામે મસમોટો પોલીસ કાફલો ગોઠવવામાં આવ્યો

**। (એજન્સી) બોટાદ, તા.૧૪ ।**

કડદા પ્રથા સામે ખેડૂતોના વિરોધને પગલે છેલ્લા ત્રણ દિવસથી બંધ યાર્ડ આજે શરૂ થયું છે. રવિવારે આમ આદમી પાર્ટીની યોજાયેલી ખેડૂત મહાપંચાયત દરમિયાન પોલીસ અને સ્થાનિકો વચ્ચે હિંસક ઘર્ષણ થતા સમગ્ર પંથકમાં તંગદિલીનો માહોલ સર્જાયો હતો. ત્યારે બોટાદમાં બબાલ બાદ મોટું એક્શન લેવાયું છે.

બોટાદના હડદડ ગામે રવિવારે સાંજે ખેડુતો અને પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણ સર્જાયું હતું. બોટાદના હડદડ ગામે લોકોએ પોલીસ પર પથ્થરમારો કરી હુમલો કર્યો હતો. જેમાં બોટાદ DYSP મહર્ષિ રાવલ, LCB PI એ. જી. સોલંકી સહિત ચારથી વધુ પોલીસ કર્મચારીઓને ઈજા પહોંચી છે. બોટાદમાં પથ્થરમારાની ઘટના બાદ આપના નેતાઓ સામે FIR થઈ છે. આપ નેતા પ્રવીણ રામ, રાજુ કરપડા સહિત ૮૫ લોકો સામે ફરિયાદ કરવામાં આવી છે. હત્યાનો પ્રયાસ, ષડયંત્ર અને ગેરકાયદેસર મંડળીનો આરોપ લગાવાયો છે. આ કેસમાં અનેક લોકોની ધરપકડના ભણકારા છે.

હાલ સમગ્ર બોટાદમાં ઘર્ષણ બાદ હાલ સ્થિતિ કાબૂમાં છે. હડદડ ગામે હાલ પરિસ્થિતિ સામાન્ય છે. હડદડ ગામે મસમોટો પોલીસ કાફલો ગોઠવ્યો અને ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું છે. હડદડ ગામે ખેડુતો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું તેમા મોટાભાગના ગામ બહારના લોકો હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. સ્થાનિક આગેવાન મયુરભાઈ જમોડે કહ્યું કે, પોલીસે ગામના કેટલાક નિર્દોષ લોકોને માર મારીને પકડ્યા છે તે વ્યાજબી નથી. પોલીસે જે પણ નિર્દોષ લોકોને પકડયા છે તેને છોડવામાં આવે તેવી આગેવાને માંગ કરી. સમગ્ર મામલે આપના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ કહ્યું કે, ૨૫૦ જેટલા લોકોની ધરપકડ કરી છે જેમને પાણી કે જમવાનું નથી અપાયું. આ હદે અત્યાચાર કરશો. આ નિમ્ન કક્ષાની રાજનીતિથી લોકોમાં રોષ છે. પોલીસને કહેવા માગું છું કે ભાજપના ઈશારે ક્યાં સુધી ચાલશો. હજારો પોલીસ કર્મચારી ગામડે ગામડે ગોઠવી દીધા છે. હિંસા કોઈ પણ જગ્યા પર છે તે સ્વીકાર્ય નથી. એક રૂદ્રદ્વક્ષ નહિ બીજે પણ વિરોધ થશે. છટ્ટૂં પાર્ટી ૧૦૦ ની ટીમ બનાવી રૂદ્રદ્વક્ષ જઈ વિરોધ કરશે. વેપારીઓને વિનંતી કે કૌભાંડ થાય તો જાણ કરે અમે નંબર જાહેર કરીશું. આજે અમે આ ઘટનાને લઈને કાળી પટ્ટી બાંધી કાળો દિવસ તરીકે ઉજવી રહ્યા છે. ખેડૂતો પર ગોળીબાર, ટીયરગેસ છોડશો એ નહિ ચાલે. અમે ૯૧૦૪૯૧૮૧૯૬ હેલ્પ લાઈન નંબર જાહેર કરીએ છીએ. કોઈ પણ અત્યાચાર હોય આ નંબર પર સંપર્ક કરે. અમે જેલ જવા પણ તૈયાર છીએ.

બોટાદના હડદડ ગામે સ્થિતિ વણસ્યા બાદ આજે

## ભિલોડાની શામળાજી સ્કૂલ આગળ અકસ્માતમાં બે યુવકનાં મોત

**। (એજન્સી) ભિલોડા, તા.૧૪ ।**

ભિલોડા તાલુકાના શામળાજીના બે મિત્રો રાત્રિએ ૧૧ વાગ્યા ને સુમારે બાઈક લઈને નવાગામ તરફથી શામળાજી આવી રહ્યા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહનચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈક રોડના ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર બંને ઈસમોને માથાનાં ભાગે ગંભીર ઈજા થતા ઘટના સ્થળે મોત નીપજ્યાં હતાં. પોલીસે ઘટના સ્થળે પહોંચી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.આ અંગેની વિગત એવી છે કે ભિલોડા તાલુકાના શામળાજીના અજયભાઈ નરસીહ લટા (ઉં.વ. ૨૨,રહે. શામળાજી) અને વિવેકભાઈ જગદીશભાઈ તબિયાડ (ઉં.વ. ૨૪, રહે. શામળાજી) બન્ને યુવાનો બાઈક લઈ નવાગામ તરફથી શામળાજી આવી રહ્યા હતા.

# શિક્ષકની નોકરી કરતો પ્રાંતિજ શહેર ભાજપ પ્રમુખ વિદ્યાર્થિનીને ભગાડી ગયો

## યુવતીના પિતાએ પોલીસ સ્ટેશનમાં પોતાની દીકરી ગુમ થઇ હોવાની ફરિયાદ કરતાં પોલીસે તપાસ હાથ ધરી

**। (એજન્સી) પ્રાંતિજ, તા.૧૪ ।**

પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખનો હોદ્દો સંભાળતા તેમજ વ્યવસાયે શિક્ષક એવા યુવકે તેના હાથ નીચે ભણતી તેના તેનાથી ૧૨ વર્ષ નાની વિદ્યાર્થિનીને ભગાડી જઈને લગ્ન કરી લીધાની ચર્ચાઓએ જોર પકડ્યું છે ત્યારે યુવતીના પિતાએ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોતાની દીકરી ગુમ થઈ હોવાની ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પ્રાંતિજમાં રહેતા અને પ્રાંતિજ શહેર ભાજપ પ્રમુખનો હોદ્દો સંભાળતા તેમજ પ્રાંતિજની શેઠ. પી એન્ડ આર હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કુશવભાઈ શૈલેષભાઈ બ્રહ્મભટ્ટ તેમની વિદ્યાર્થિની જેને બે વર્ષ પહેલાં ભણાવતા હતા. તેમના ક્લાસમાં જ ભણતી વિદ્યાર્થીની સાથે કુશવે પ્રેમજાળમાં ફસાવી હતી. આ ૨૨ વર્ષીય યુવતીને ૩૪ વર્ષીય કુશવભાઈ બ્રહ્મભટ્ટભગાડી જઈ લગ્ન કર્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ મામલે યુવતીના પિતાએ પ્રાંતિજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તા. ૭૧૦૨૦૨૫ના રોજ બંનેએ લગ્ન કરી લીધા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ભાજપ દ્વારા બેટી બચાવો, બેટી પઢાવોની વાતો વચ્ચે પ્રાંતિજ ભાજપ શહેર પ્રમુખ કુશવ બ્રહ્મભટ્ટે પોતાનાથી ૧૨ વર્ષ નાની યુવતી સાથે લગ્ન કરી દેતાં યુવતીના પરિવાર સહિત સમાજના લોકોનો ગુસ્સો પણ સાતમા આસમાને પોહચ્યો હતો. તેઓ પ્રાંતિજ પોલીસ સ્ટેશને દોડી આવ્યા હતા અને પોતાની દીકરી પાછી સોંપોની માંગ કરી રહ્યા હતા. સાથેજ કુશવ બ્રહ્મભટ્ટના માતા-પિતાને પોલીસ સ્ટેશન બોલાવી તેમની પાસેથી પુછપરછ કરી તેમની દીકરી પરત કરવા માંગ કરી પોલીસ સ્ટેશન ખાતે ધામા નાંખ્યા હતા. દરમિયાન આ સમગ્ર ઘટનાથી યુવતીના ભાઈને લાગી આવતાં હાર્ટ એટેક આવ્યો હતો. આથી પહેલાં હિંમતનગર ખસેડવામાં આવ્યો હતો. બાદમાં અમદાવાદ ખાતે ખસેડવામા આવ્યો છે.પોતાનાથી ૧૨ વર્ષ નાની છાત્રાને ભગાડી જઈને લગ્ન કરનારા શિક્ષણક તેમજ શહેર ભાજપ પ્રમુખ સામે શિક્ષણજગતમાં લાંછન લગાડ્યાની ઘટનાએ ચકચાર મચાવી છે.

**વિશેષ**

### એસપી રિંગ રોડ ગ્રીનવૂડ રિસોર્ટ નજીક ગમખ્વાર અકસ્માત

# ડમ્પરની ટક્કરથી એક્ટિવા ઢસડાતા પેટ્રોલ લીક થયું, બંને વાહન ખાક

## અકસ્માતમાં એક યુવાનનું મોત થયુ : આ મામલે ટ્રાફિક એ ડિવિઝન પોલીસે ડમ્પર ચાલકને ડિટેન કરીને કાર્યવાહી હાથ ધરી

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।**

એસપી રિંગ રોડ નજીક આવેલા ગ્રીનવૂડ રિસોર્ટ નજીકના રોડ પરથી રવિવાર સાંજે યુવક એક્ટિવા લઈને પસાર થઈ રહ્યો હતો. એકાએક એક્ટિવાચાલક યુવકે બ્રેક મારતા પાછળ આવી રહેલા ડમ્પરની ટક્કરે યુવાન ઘણે દૂર સુધી ઢસડતા એક્ટિવાની પેટ્રોલ ટેન્ક લીક થઈ અને તેમાંથી પેટ્રોલ રેલાયું હતું. પરિણામે આગ લાગી અને તે આગ જોતજોતામાં ડમ્પર સુધી પ્રસરી અને ધડાકાભેર ડમ્પર પણ આગની લપેટમાં આવી જતાં ડમ્પર નીચે ફસાઈ ગયેલા એક્ટિવાચાલકનું આગમાં ભડથું થઈ જતા કરુણ મોત નીપજ્યું હતું. જાણ થતાં ફાયરબ્રિગેડની ૪ ગાડી ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી. ટ્રાફિક પોલીસે ગમખ્વાર અકસ્માતના લીધે સર્જાયેલા ટ્રાફિકને ક્લીયર કરાવવાની કામગરી કરી હતી. આ મામલે ટ્રાફિક એ ડિવિઝન પોલીસે ડમ્પર ચાલકને ડિટેન કરીને કાર્યવાહી હાથ ધરી છે. એસપી રિંગ રોડ નજીક ગ્રીનવૂડ રિસોર્ટ નજીક ગમખ્વાર અકસ્માત થયો હતો. એક્ટિવાચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવી રહેલા ડમ્પરની બ્રેક નહીં વાગતા એક્ટિવાને અડફેટે લીધું હતું. એક્ટિવાચાલક એક્ટિવા રોડ પર ઘસડાતા એક્ટિવામાં રહેલું પેટ્રોલ લીક થતા એકાએક આગ ભભૂકી હતી. પાછળ આવી રહેલા ડમ્પરમાં પણ આગ પ્રસરતા ધડાકાભેર ડમ્પર સળગી ઊઠ્યું હતું. આ જોઈને આસપાસના લોકો અને અન્ય રાહદારીઓ દોડી આવ્યા તથા રોડ પરથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલકો ઊભા રહી જતા ટ્રાફિક જામ થયો હતો. આ દરિમયાન રોડ પર ઊભા રહેલા સ્થાનિકોએ ઈમરજન્સી ૧૧૨ નંબર ડાયલ કરતા ફાયર અને



પોલીસના કર્મચારીઓ દોડી આવ્યા હતા. ફાયરબ્રિગેડની ૪ ગાડીઓ થકી પાણીનો મારો ચલાવીને આગને બુઝાવાઈ હતી. જોકે, ડમ્પર નીચે આવી ગયેલા એક્ટિવાચાલકનું ભીષણ આગમાં કરુણ મોત નીપજતા મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરાઈ હતી. ટ્રાફિક પોલીસે ડમ્પર ચાલકને ડિટેન કર્યો છે. એસપી રિંગ રોડ નજીક ગ્રીનવૂડ રિસોર્ટ નજીક ગમખ્વાર અકસ્માત થયો હતો. એક્ટિવાચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવી રહેલા ડમ્પરની બ્રેક નહીં વાગતા એક્ટિવાને અડફેટે લીધું હતું. એક્ટિવાચાલક એક્ટિવા રોડ પર ઘસડાતા એક્ટિવામાં રહેલું પેટ્રોલ લીક થતા એકાએક આગ ભભૂકી હતી. પાછળ આવી રહેલા ડમ્પરમાં પણ આગ પ્રસરતા ધડાકાભેર ડમ્પર સળગી ઊઠ્યું હતું. આ જોઈને આસપાસના લોકો અને અન્ય રાહદારીઓ દોડી આવ્યા તથા રોડ પરથી પસાર થઈ રહેલા અન્ય વાહનચાલકો ઊભા રહી જતા ટ્રાફિક જામ થયો હતો. જાણ થતાં ફાયરબ્રિગેડની ૪ ગાડી ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લીધી હતી. ટ્રાફિક પોલીસે ગમખ્વાર અકસ્માતના લીધે સર્જાયેલા ટ્રાફિકને ક્લીયર કરાવવાની કામગરી કરી હતી. આ મામલે ટ્રાફિક એ ડિવિઝન પોલીસે ડમ્પર ચાલકને ડિટેન કરીને કાર્યવાહી હાથ ધરી છે. એસપી રિંગ રોડ નજીક ગ્રીનવૂડ રિસોર્ટ નજીક ગમખ્વાર અકસ્માત થયો હતો. એક્ટિવાચાલકે અચાનક બ્રેક મારતા પાછળથી આવી રહેલા ડમ્પરની બ્રેક નહીં વાગતા એક્ટિવાને અડફેટે લીધું હતું. એક્ટિવાચાલક એક્ટિવા રોડ પર ઘસડાતા એક્ટિવામાં રહેલું પેટ્રોલ લીક થતા એકાએક આગ ભભૂકી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

### TVKની અરજીને સુપ્રીમ કોર્ટની મંજૂરી

# કરુર નાસભાગમાં ૪૦થી વધુના મોત મામલે CBI તપાસના આદેશ

## કરુરમાં અભિનેતા-રાજકારણી વિજય થલપતિની રેલી દરમિયાન ભાગદોડના કારણે ૪૦થી વધુના મોત થયા હતા

। (એજન્સી) કરુર, તા.૧૪ ।

કરુરમાં અભિનેતા-રાજકારણી વિજય થલપતિની રેલી દરમિયાન ભાગદોડ થવાને કારણે ૪૦થી વધુ લોકોના મોત થયા હતા. આ ઘટનાની સ્વતંત્ર તપાસની માંગ વિજયની પાર્ટી તમિળાગા વેટ્રી કઝગમ (TVK) દ્વારા સુપ્રીમ કોર્ટ સમક્ષ કરવામાં આવી છે. TVKનું માનવું છે કે માત્ર તમિલનાડુ પોલીસની SIT દ્વારા કરાતી તપાસ જનતાનો વિશ્વાસ જીતી શકશે નહીં.

અભિનેતા-રાજકારણી વિજયની તમિલનાડુના કરુરમાં યોજાયેલી રેલીમાં થયેલી ભાગદોડના કેસમાં, તેમની પાર્ટી 'તમિલગ વેત્રી કઝગમ (TVK)'એ સુપ્રીમ કોર્ટમાં સ્વતંત્ર તપાસ માટે અરજી દાખલ કરી હતી. આ અરજી પર ચુકાદો આપતા, સુપ્રીમ કોર્ટે મામલાની સીબીઆઈ (CBI) તપાસનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, TVKની માંગ હતી કે ભાગદોડની તપાસ સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશની દેખરેખ હેઠળ થવી જોઈએ, કારણ કે તેમનું માનવું હતું કે માત્ર તમિલનાડુ પોલીસ દ્વારા રચાયેલી ખાસ તપાસ દળ (SIT) જનતાનો વિશ્વાસ જાળવી શકશે નહીં. આ ઉપરાંત, પાર્ટીએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે આ ભાગદોડ પૂર્વ-આયોજિત કાવતરાનો ભાગ હોઈ શકે છે.

TVKની માંગ પર સુપ્રીમ કોર્ટે પૂર્વ ન્યાયાધીશ અજય રસ્તોગીને કરૂર ભાગદોડ કેસમાં સીબીઆઈ તપાસની દેખરેખ કરનારી સમિતિના પ્રમુખ તરીકે નિયુક્ત કર્યા છે. TVKના સચિવ આધવ અર્જુનાએ આ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી હતી. આ પહેલા મદ્રાસ હાઈ કોર્ટે SITની રચના કરી હતી, જેને TVKએ પડકારી હતી.

ભાગદોડ પછી તરત જ વિવાદ અને આરોપ-પ્રત્યારોપ શરૂ થઈ ગયા હતા. કરૂર પોલીસે FIR દાખલ કરીને ફદ્ધના કરૂર (ઉત્તર) જિલ્લા સચિવ માધિયાઝગન, જનરલ સેક્રેટરી બસી આનંદ અને સંયુક્ત જનરલ સેક્રેટરી સીટીઆર નિર્મલ કુમાર વિરુદ્ધ હત્યા, હત્યાનો પ્રયાસ અને અન્યનો જીવ જોખમમાં મૂકવા જેવા ગંભીર આરોપો લગાવ્યા હતા. પોલીસનું કહેવું છે કે ભાગદોડમાં કોઈ ગુપ્તચર ચૂક નહોતી. રેલીમાં વિજય મોડા પહોંચ્યા અને લોકો ઘણા કલાકોથી રાહ જોઈ રહ્યા હતા.

પોલીસ અધિકારીઓએ આયોજકોને કહ્યું હતું કે, વિજયની વિશેષ રેલી બસને નિર્ધારિત સ્થાનથી ઓછામાં ઓછા ૫૦ મીટર પહેલા રોકી દે. પરંતુ આયોજકોએ નક્કી કરેલી જગ્યા પર જ બસ ઊભી કરી. પોલીસ અનુસાર, '૧૦ મિનિટ સુધી નેતા બસમાંથી બહાર ન આવ્યા, જેનાથી ભીડ અસંતુષ્ટ થઈ ગઈ. લોકો તેમને જોવા માટે બેતાબ બન્યા હતા.'

આ રેલી માટે TVKએ ૧૦,૦૦૦ લોકો માટે પરવાનગી માંગી હતી, પરંતુ રેલીમાં લગભગ ૨૫,૦૦૦ લોકો એકઠા થઈ ગયા. પોલીસે કહ્યું કે પાર્ટીએ પૂરતું પાણી, સુરક્ષા અને અન્ય વ્યવસ્થાઓ ન કરી અને પરવાનગીની શરતોનું પાલન ન કર્યું.





### રેલીને લાહૌરમાં અટકાવવામાં આવતાં હિંસા થઈ

# પાકિસ્તાન ભડકે બળ્યું: ગોળીબારમાં ૨૫૦થી વધુ મોતનો TLPનો દાવો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૪ ।

એકબાજુ ઈઝરાયલ અને ગાઝા વચ્ચે યુદ્ધનો અંત આવ્યો છે. બંને દેશો શાંતિ કરાર હેઠળ શાંત પડ્યા છે, જ્યારે બીજી બાજુ પાકિસ્તાનમાં આ યુદ્ધ મામલે ફાટી નીકળેલું આંદોલન હિંસક બન્યું છે. જેમાં આજે આંદોલનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલી અથડામણમાં માત્ર ત્રણ કલાકમાં ૨૮૦થી વધુ લોકોનો જીવ લીધો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આ અથડામણમાં એક પોલીસ અધિકારી પણ માર્યા ગયા હોવાનું પંજાબ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું છે. ગાઝામાં પેલેસ્ટાઈનના સમર્થનમાં પાકિસ્તાનનું કટ્ટરપંથી સંગઠન તહરિક-એ-લબ્બૈક-પાકિસ્તાન (ટીએલપી)એ અમેરિકા અને ઈઝરાયલનો વિરોધ નોંધાવતાં વિરોધ રેલીઓ કાઢી હતી. ઈસ્લામાબાદ તરફ આગળ વધી રહેલી આ રેલીને લાહૌરમાં અટકાવવામાં આવતાં તેણે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. પોલીસે ટીઅર ગેસના શેલ છોડ્યા હતાં, અને લાઠીચાર્જ કર્યો હતો. જેના જવાબમાં ટીએલપીએ પણ ઠેરઠેર આગચાંપી અને તોડફોડ કરી હતી. આજે સવારે ચાર વાગ્યે પાકિસ્તાની રેન્જર્સ અને પોલીસે ટીએલપીના હજારો કાર્યકરોને ઈસ્લામાબાદ જતાં રોકવા સ્મોક ગ્રેનેડ ફેંક્યા હતા. બાદમાં સવારે નવ વાગ્યાથી ગોળીબાર શરૂ કર્યો હતો. પોલીસના જણાવ્યા પ્રમાણે આ ગોળીબારમાં ટીએલપીના ત્રણ કાર્યકરોના મોત થયા હોવાનો દાવો છે.

### ઈલોન મસ્કે શરૂ કર્યુ સાફ-સફાઈ અભિયાન

# મસ્કે એક્સ પરથી કાઢ્યા ૧.૭ મિલિયન બોટ્સ એકાઉન્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

પહેલા ટ્વીટર તરીકે ઓળખાતું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈલોન મસ્કે ખરીદ્યા બાદ એનું નામ એક્સ કરવામાં આવ્યું છે. ઈલોન મસ્ક દ્વારા સાફ-સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે અને એના પરથી ૧.૭ મિલિયન બોટ્સ એકાઉન્ટ કાઢવામાં આવ્યા છે. એક્સમાં હેડ ઓફ પ્રોડક્ટ તરીકે કામ કરતી નિકિતા બાયર દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ વિશે માહિતી આપવામાં આવી છે. આ પ્લેટફોર્મ પર યુઝર્સને સારો અનુભવ રહે એ માટે આ સાફ-સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને નિકિતાએ એ વાતની પુષ્ટિ કરી છે કે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બોટ્સનું પ્રમાણ વધી ગયું હતું. આ વિશે નિકિતા કહે છે, "રિપ્લાય સ્પેમ સાથે સંકળાયેલા ૧.૭ મિલિયન બોટ્સ એકાઉન્ટને આ અઠવાડિયે અમે કાઢી નાખ્યા છે. આગામી દિવસોમાં યુઝર્સને અમારી સર્વિસમાં સુધારો જોવા મળશે." સ્પેમને કન્ટ્રોલ કરવા માટે એક્સ દ્વારા આ બોટ્સને કાઢવામાં આવ્યા છે. આથી યુઝર્સ વધુ સારી રીતે એકમેકની સાથે કનેક્ટ થઈ શકે.

### બિહારમાં ૪-૫ બેઠક આપવાની માંગ

# NDA ને દિગ્ગજ નેતાની ગઠબંધન તોડવા ધમકી

## ઓમ પ્રકાશ રાજભરનું કહેવું છે કે, અમારી પાર્ટીને બિહારમાં ચૂંટણી લડવા માટે એક પણ બેઠક નથી આપવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।





સુહલદેવ ભારતીય સમાજ પાર્ટીના પ્રમુખ અને ઉત્તર પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી ઓમ પ્રકાશ રાજભરે NDA સાથે ગઠબંધન તોડવાની ધમકી આપી છે. તેમણે વિધાનસભા ચૂંટણીમાં NDA પાસે ૪-૫ બેઠકોની માગ કરી છે. ઓમ પ્રકાશ રાજભરનું કહેવું છે કે, અમારી પાર્ટીને બિહારમાં ચૂંટણી લડવા માટે એક પણ બેઠક નથી આપવામાં આવી. તેમણે આ બાબતે નારાજગી પણ વ્યક્ત કરી છે. રાજભરે આરોપ લગાવ્યો કે, ભાજપ 'ગઠબંધન ધર્મ'નું પાલન નથી કરી રહ્યું.

ઓમ પ્રકાશ રાજભરે આગળ કહ્યું કે, 'સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી બિહારમાં એક મોરચો બનાવશે અને તમામ બેઠકો પર ચૂંટણી લડશે. હવે સુભાષપા બિહાર ચૂંટણી પોતાના દમ પર લડવાનું વિચારી રહી છે. અમે એક મોરચો બનાવીશું અને ત્યાં ચૂંટણી લડીશું. અત્યાર સુધીમાં પાર્ટીએ પ્રથમ તબક્કાની ૫૨ બેઠકો માટે ઉમેદવારોના નામ નક્કી કરી લીધા છે. નામાંકન પ્રક્રિયા આજથી શરૂ થશે. અમે ૧૫૩ બેઠકો પર ચૂંટણી લડીશું.

બિહાર ભાજપના નેતાઓ ગઠબંધન ધર્મનું પાલન કરવાનું નથી જાણતા, બિહારના ભાજપા નેતાઓએ કેન્દ્રીય નેતૃત્વને ખોટું ફીડબેક આપ્યું છે. તેની સજા બિહારના લોકોને મળશે. અમે અમારા ગઠબંધન ધર્મનું પાલન કરવા માટે તૈયાર છીએ. હજુ પણ થોડો સમય છે. જો તમે અમને તમારી સાથે રાખવા માંગતા હોય તો અમને ૪-૫ બેઠકો આપી દો.'

તમને જણાવી દઈએ કે, સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના પ્રમુખ ઓમ પ્રકાશ રાજભરનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે NDAએ ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે સીટ-શેરિંગ ફોર્મ્યુલા જાહેર કરી દીધી છે. NDAએ રવિવારે આગામી બિહાર વિધાનસભા ચૂંટણી માટે સીટ-શેરિંગ ફોર્મ્યુલાની સત્તાવાર જાહેરાત કરી હતી.

આ વ્યવસ્થા હેઠળ ભાજપ અને JD(U) ૧૦૧-૧૦૧ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ૨૯ બેઠકો પર ચૂંટણી લડશે. રાષ્ટ્રીય લોક મોરચા (RLM) અને હિન્દુસ્તાની આવામ મોરચા (HAM) ૬-૬ બેઠકો પર ચૂંટણી લડશે. ૨૪૩ વિધાનસભા બેઠકો માટે ૬ નવેમ્બરે અને ૧૧ નવેમ્બરના રોજ બે તબક્કામાં મતદાન યોજાશે અને મતગણતરી ૧૪ નવેમ્બરના રોજ થશે.




ગુવાહાટીમાં સ્વર્ગસ્થ સંગીત દિગ્ગજ ઝુબીન ગર્ગને ન્યાય આપવાની માંગણી સાથે વિરોધ પ્રદર્શન દરમિયાન ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયન (AASU) ના સભ્યો પોસ્ટરો પકડીને બેઠા છે.

# અમારા યુપીમાં પણ ઘૂસણખોરો હાજર છે, કારણ કે મુખ્યમંત્રી પોતે ઉત્તરાખંડના છે

। (એજન્સી) લખનૌ, તા.૧૪ ।

સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ઘૂસણખોરો વિશે વાત કરતાં યુપીના સીએમ યોગી આદિત્યનાથ પર કટાક્ષ કર્યો અને તેમની તુલના ઘૂસણખોર સાથે કરી. સપા પ્રમુખે કહ્યું કે, અમારા યુપીમાં પણ ઘૂસણખોરો હાજર છે, કારણ કે મુખ્યમંત્રી પોતે ઉત્તરાખંડના છે. અમે તો ઈચ્છીએ છીએ કે તેમને તેમના મૂળ રાજ્યમાં પાછા મોકલી દેવામાં આવે.

અખિલેશ યાદવે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું કે, ભાજપના આંકડાઓ ખોટા છે. તેમણે કહ્યું કે, જે લોકો પલાયનના આંકડા આપે છે, તેના પર વિશ્વાસ કરવામાં આવે તો વ્યક્તિ ગેરમાર્ગે દોરાઈ શકે છે. સપા અધ્યક્ષે ભારપૂર્વક કહ્યું કે ઉત્તર પ્રદેશમાં પણ ઘૂસણખોરો છે, કારણ કે મુખ્યમંત્રી પોતે ઉત્તરાખંડના છે અને તેથી અમે ઈચ્છીએ છીએ કે તેમને ઉત્તરાખંડ પાછા મોકલી દેવામાં આવે.

સપા અધ્યક્ષે કહ્યું કે સીએમ યોગી આદિત્યનાથ માત્ર ભૌગોલિક રીતે જ નહીં, પરંતુ વિચારધારાની દૃષ્ટિએ પણ ઘૂસણખોર છે. યોગી ભાજપના સભ્ય નહોતા, પરંતુ અન્ય કોઈ પક્ષના સભ્ય હતા, એવામાં હવે સવાલ એ થાય કે આ ઘૂસણખોરોને ક્યારે હટાવવામાં આવશે.

આ નિવેદનને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના તાજેતરના દાવાનો જવાબ માનવામાં આવી રહ્યો છે, જેમાં અમિત શાહે કહ્યું હતું કે અમુક રાજકીય પક્ષો ઘૂસણખોરોને વોટ બૅંક માને છે અને ગુજરાત-રાજસ્થાનની સરહદો પર ઘૂસણખોરી કેમ નથી થતી.

# હમાસની કેદમાંથી ૨ વર્ષ બાદ છૂટ્યાં ઇઝરાયેલી

। (એજન્સી) ગાઝા, તા.૧૪ ।

ગાઝા યુદ્ધવિરામ કરાર હેઠળ બંધકોની મુક્તિ શરૂ થઈ ગઈ છે. હમાસે સાત બંધકોને રેડ ક્રોસને સોંપ્યા છે. રેડ ક્રોસ ટીમ તેમને ઈઝરાયલ લઈ જશે. બંધકોના પરિવારો સહિત હજારો લોકો અહીં રાહ જોઈ રહ્યા છે. બંધકોની મુક્તિની જાહેરાત થતાં જ ઈઝરાયલમાં ઉજવણી શરૂ થઈ ગઈ. ઈઝરાયલી સેનાએ ટ્વિટર પર પોસ્ટ કર્યું કે, હમાસે ઉત્તરી ગાઝામાં બંધકોને રેડ ક્રોસ ટીમને સોંપ્યા છે. હમાસે જણાવ્યું હતું કે ઈઝરાયલમાં બંધકોને રાખવામાં આવેલા ૧,૯૦૦ થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં ૨૦ જીવંત બંધકોને મુક્ત કરવામાં આવશે.

અહેવાલો અનુસાર, ગાઝા પટ્ટીના ઉત્તરીય ભાગમાં સ્થિત ગાઝા શહેરમાં સાત બંધકોને મુક્ત કરવામાં આવ્યા હતા. જીવંત બંધકોની મુક્તિનો બીજો તબક્કો દક્ષિણ ગાઝામાં સવારે ૧૦ વાગ્યે (સ્થાનિક સમય) થશે. હમાસની લશ્કરી શાખાએ જણાવ્યું છે કે તે ઈઝરાયલ સાથે યુદ્ધવિરામ અને બંધક-કેદી કરાર માટે પ્રતિબદ્ધ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઈઝરાયલ તેના મોટાભાગના બંધકોને જીવતા પરત કરી શક્યું હોત, પરંતુ તેની નીતિઓના પરિણામે ઘણા લોકોના મોત થયા હતા.

### IT પ્રોફેશનલે ગુમાવ્યા રૂ. ૩.૬૬ કરોડ

# શેરબજારમાં કમાઈને કરોડપતિ બનવાના ચક્કરમાં આવી ભૂલ ન કરતાં

। (એજન્સી) પૂણે, તા.૧૪ ।

મહારાષ્ટ્રના પૂણેમાંથી સાયબર છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક આઈટી કંપનીમાં કામ કરતા પ્રોફેશનલ સાથે ઓનલાઈન રોકાણના નામે ૩.૬૬ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. આ સાયબર છેતરપિંડીનો આખો સિલસિલો ૧૫મી જુલાઈથી પહેલી ઑક્ટોબર દરમિયાન ચાલ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતે એક દિવસ પોતાના મોબાઈલ ફોન પર સોશિયલ મીડિયા ઍપ્લિકેશન બ્રાઉઝ કરતી વખતે એક રોકાણ સંબંધિત જાહેરાત જોઈ અને તેના પર ક્લિક કર્યું. રોકાણ કરવાની લિંક પર ક્લિક કર્યા પછી પીડિતને એક મેસેજિંગ ગ્રૂપમાં ઉમેરવામાં આવ્યો, જ્યાં અન્ય રોકાણકારો શેરબજારમાંથી મોટા નફાના દાવા કરતા મેસેજ મોકલી રહ્યા હતા.

નોંધપાત્ર નફાના વચન દ્વારા લાલચ આપીને ગ્રૂપના એડમિન દ્વારા પીડિતનો સંપર્ક કરવામાં આવ્યો. ટૂંકી ચર્ચા બાદ પીડિતે રોકાણ કરવા માટે સંમતિ આપી. ત્યારબાદ ગ્રૂપ એડમિને પીડિતને એક લિંક મોકલી, જેના દ્વારા તેમને એક ટ્રેડિંગ ઍપ્લિકેશન ડાઉનલોડ કરવા અને તેના દ્વારા રોકાણ કરવાનું કહેવામાં આવ્યું. સાયબર પોલીસના સિનિયર ઈન્સ્પેક્ટર સ્વપ્નાલી શિંદેએ જણાવ્યું કે, આ ઍપ્લિકેશન નકલી હતી. આ ઍપ્લિકેશનનો ઉપયોગ કરીને છેતરપિંડી કરનારાઓએ પીડિતના મોબાઈલ ફોનનો રિમોટ એક્સેસ પણ મેળવી લીધો હતો. પીડિતે શરુઆતમાં નાના રોકાણ કર્યા, પરંતુ નકલી ટ્રેડિંગ એપ્સ દ્વારા ખોટો નફો દર્શાવવામાં આવતો હતો. આ ખોટા નફાના પ્રભાવ હેઠળ પીડિતે માની લીધું કે તે મોટો નફો કમાઈ રહ્યો છે.

પીડિતને નકલી પ્રીમિયમ શેરમાં મોટી રકમનું રોકાણ કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યો. સાયબર છેતરપિંડી કરનારે રોકાણ કરવા માટે તેને અનેક બેંક ખાતા પૂરા પાડ્યા હતા.

### કદાવર નેતાના દીકરાના પત્રથી મળ્યા સંકેત

# કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં RSS પર પ્રતિબંધ મૂકવાની તૈયારી?

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૪ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ દેશભરમાં તેની ૧૦૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહી છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ નિમિત્તે ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડ્યો છે. જોકે, આ ખુશીના માહોલ વચ્ચે કર્ણાટકના રાજકારણમાં મોટો વિવાદ ઊભો થયો છે, જ્યાં કોંગ્રેસના નેતા પ્રિયંક ખડગેએ સિદ્ધારમૈયા સરકારને પત્ર લખીને આરએસએસની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના પુત્ર અને સિદ્ધારમૈયા સરકારમાં આઈટી મંત્રી પ્રિયંક ખડગેએ આરએસએસ પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે આરએસએસ પર ગેરબંધારણીય પ્રવૃત્તિઓમાં સામેલ થવાનો અને યુવાનો તથા બાળકોને દેશની એકતા અને અખંડિતતા માટે જોખમી બનાવવા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો છે. પ્રિયંક ખડગે પત્રમાં આરએસએસની શાખાઓ અને સભાઓ તેમજ તેના જાહેર કાર્યક્રમો પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.

સરકારી શાળાઓ, સહાયિત શાળાઓ અને રમતના મેદાનોમાં શાખાઓને મંજૂરી ન આપવા તેમજ સરકારી માલિકીના મંદિરોના ઉપયોગ પર પણ પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. તેમણે દાવો કર્યો કે આરએસએસ તેની પ્રવૃત્તિઓ દ્વારા નફરતના બીજ વાવે છે અને તેના કાર્યકરો પોલીસની પરવાનગી વિના લાકડીઓ લઈને ચાલે છે. પ્રિયંક ખડગેના પત્રના આધારે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ રાજ્યના મુખ્ય સચિવ શાલિની રજનીશને સમગ્ર મામલો સમજવા અને તેના વિશે માહિતી એકત્રિત કર્યા બાદ જરૂરી પગલાં લેવા જણાવ્યું છે. ભાજપે પ્રિયંક ખડગેના આ પ્રસ્તાવનો સખત વિરોધ કર્યો છે અને આ પગલાં પાછળ રાજકીય કારણો હોવાનું જણાવ્યું છે.

## તંત્રી લેખ...

# જાપાનમાં મહામારીની જાહેરાત, શાળા-કોલેજો બંધ

જાપાનમાં અધિકારિક રીતે ઈન્ફ્લુએન્ઝા મહામારીનો પ્રકોપ જાહેર કરવામાં આવ્યો છે. ગણતરીના દિવસોમાં જ હજારોની સંખ્યામાં કેસ સામે આવવાના કારણે જાપાને આ જાહેરાત કરવી પડી છે. આમ જોવા જઈએ તો મોટાભાગે શિયાળાની શરૂઆતમાં આ પ્રકારની બિમારી સામાન્ય રીતે જોવા મળતી હોય છે. હાલમાં ફ્લૂની સિઝન ચાલી જ રહી છે. જાપાનમાં જે રીતે ફ્લૂના કેસમાં એકાએક વધારો થયો અને સંક્રમણનો આંકડો વધી રહ્યો છે તેના કારણે સ્વાસ્થ્ય જાણકારો અને લોકોમાં ભય ફેલાયો છે. જાપાનની સરકારને તેના કારણે જ ફ્લૂને રાષ્ટ્રીય મહામારી જાહેર કરવાની ફરજ પડી છે.

અહેવાલો પ્રમાણે ૨૦૧૯થી ૨૦૨૨ સુધીમાં કોરોના મહામારીએ જે રીતે વૈશ્વિક સ્તરે કેર વર્તાવ્યો હતો અને સમગ્ર વિશ્વની સ્વાસ્થ્ય સેવાઓને ખોરંભે ચડાવી દીધી હતી ત્યારથી તમામ દેશો લોકોના સ્વાસ્થ્ય બાબતે વધારે ગંભીર થઈ ગયા છે. જાપાનમાં ફ્લૂનો પ્રકોપ જે રીતે ફેલાવા લાગ્યો હતો તે જોતાં સરકારી તંત્ર ચિંતિત થઈ ગયું હતું. આ ચેપ ફેલાતો અટકાવવા માટે તેની ચેઈન તોડવી ખૂબ જ જરૂરી થઈ ગઈ હતી. તેના પગલે જાપાને ફ્લૂને દેશવ્યાપી મહામારી જાહેર કરી દીધી. સરકારના આદેશ બાદ ૧૩૦થી વધારે મોટી સ્કુલો, કિંડરગાર્ટન અને ચાઈલ્ડ કેસ સેન્ટર નવી જાહેરાત ન થાય ત્યાં સુધી બંધ રાખવાના આદેશ આપી દેવાયા. મોટા બાળકો અને યુવાનોને પણ સ્કુલ અને કોલેજ ન જવા માટે તથા શક્ય હોય તો ઓનલાઈન ભણાવવા માટે આદેશ આપી દેવાયા છે.

જાપાનમાં મીડિયા અહેવાલો પ્રમાણે દેશભરમાં અંદાજે ૩૦૦૦ હોસ્પિટલોમાં ૪૦૦૦ કરતા વધારે લોકો ફ્લૂના ચેપને કારણે ભરતી કરવામાં આવેલા છે. ઓકિનાવા, ટોકિયો અને કાગોશિમા શહેરમાં સૌથી વધારે અસર જોવા મળી છે. બીજી તરફ જાપાનમાં એક એવી ચર્ચાએ પણ જોર પકડયું છે કે, ફ્લૂ અને કોરોના મહામારી સાથે ફેલાઈ રહ્યા છે. તેના કારણે પણ અફરાતફરી ફેલાઈ ગઈ છે. સરકારે અને સ્થાનિક મીડિયાએ આ અંગે સતત લોકોને સમજાવવાનું શરૂ કર્યું છે કે, આ એક સિઝનલ ફ્લૂની બિમારી છે જે ફેલાઈ રહી છે. જાપાનમાં કોરોના નથી ફેલાઈ રહ્યો. આમ જોવા જઈએ તો ફ્લૂની બિમારી દર વર્ષે સીઝન બદલાતા જોવા મળતી જ હોય છે પણ આ વખતે ફ્લૂના કેસ ખૂબ જ વધારે જોવા મળી રહ્યા છે અને સંક્રમણ પણ ઝડપથી વધી રહ્યું છે. ફ્લૂની સામાન્ય લોકો ઉપર વધારે અસર પણ થતી નથી તેમ છતાં આ વખતે મોટી સંખ્યામાં લોકોને હોસ્પિટલમાં ભરતી કરવા પડયા તેના કારણે લોકોમાં ભય ફેલાયો છે. જાણકારો માને છે કે, ફ્લૂના વાઈરસમાં મ્યુટેશન થયું છે અને તેથી જ લોકોની તબિયત વધારે ખરાબ થઈ રહી છે.

સ્વાસ્થ્ય ક્ષેત્રના કેટલાક જાણકારોનો મત છે કે, જાપાનમાં સામાન્ય રીતે નવેમ્બરના મધ્યમાં ફ્લૂની સિઝન જોવા મળતી હોય છે પણ તેના સ્થાને આ વખતે એક મહિનો વહેલા ફ્લૂના કેસ સામે આવવા લાગ્યા છે. તેમાં પણ આટલી મોટી સંખ્યામાં ફ્લૂના કેસ સામે આવતા સ્વાસ્થ્ય સેવાઓ ઉપર દબાણ વધી ગયું છે. તે ઉપરાંત સ્વાસ્થ્ય અંગે કેટલાક લોકોના પડકારો પણ વધી ગયા છે જે ચિંતાજનક છે. નાના બાળકો અને મોટા ઉંમરના લોકો આ ચેપના કારણે વધારે સંક્રમિત થયા છે તેથી લોકોમાં ગભરાટ ફેલાયો છે.

સ્વાસ્થ્ય જાણકારોના મતે વાઈરસના વ્યવહાર અને તેની પ્રકૃતિમાં પણ કેટલાક પરિવર્તનો જોવા મળ્યા છે. ફ્લૂના વાઈરસમાં મોટાપાયે મ્યૂટેશન થયું હોય તે જણાઈ રહ્યું છે. તેના કારણે જ ફ્લૂનો વાઈરસ એકાએક ફેલાઈ ગયો અને મોટી સંખ્યામાં ફેલાઈ ગયો. હોક્કોઈડોની મેડિકલ સાયન્સ યુનિવર્સિટીના પ્રોફેસર યોકો ત્સુકોમોટોએ જણાવ્યું કે, આ વર્ષે જાપાનમાં ફ્લૂની સિઝન વહેલી આવી ગઈ છે. તે ઉપરાંત વૈશ્વિક વાતાવરણ અને ક્લાઈમેટ ચેન્જ જે રીતે અસર કરી રહ્યું છે તેના કારણે વાઈરસજન્સ બિમારીઓનો ફેલાવો પણ બદલાતો જાય છે.

## ચિરાગ પાસવાન કઈ રીતે માન્યા, બેઠક વહેંચણીની અંદરની વાત

બિહાર વિધાનસભા ચૂંટણી માટે એનડીએની બેઠકની વહેંચણીની જાહેરાત તો થઈ ગઈ છે, પરંતુ રિસાયેલા કેટલાક નેતાઓને મનાવતા ભાજપના નેતાઓને પરસેવો વળી ગયો છે. જેડીયુના રાષ્ટ્રીય પ્રમુખ સંજય ઝા અને ભાજપના ચૂંટણી પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાનએ ચિરાગ પાસવાનને સમજાવ્યા હતા. જનશક્તિ પાર્ટી (રામવિલાસ)ને ૨૯ બેઠકો આપવામાં આવી એની સામે જેડીયુને અંદરખાને વાંધો હતો. ૧૯૯૬ પછી પહેલી વખત ભાજપ અને જેડીયુ વિધાનસભામાં સરખી બેઠકો પર ચૂંટણી લડશે. આ વખતે એલજેપી (રામવિલાસ) અને હમ પક્ષએ વધુ બેઠકો મેળવવા દબાણ ચાલુ રાખ્યું હતું. ચિરાગ પાસવાનએ શરૂઆતમાં ૪૦ અને ત્યાર પછી ૩૫ બેઠકો માટે જીદ ચાલુ રાખી હતી. એનડીએના સૂત્રોના કહેવા પ્રમાણે ચિરાગને એમ કહીને અમિત શાહે મનાવ્યા હતા કે, એનડીએની જીત નરેન્દ્ર મોદીના નેતૃત્વને કારણે થાય છે એટલે બહુ ખેંચતાણ કરે નહીં.

સમાજવાદી પાર્ટીના સિનિયર નેતા અને ભૂતપૂર્વ મંત્રી ૨૩ મહિના જેલમાં રહ્યા પછી છૂટયા છે. ઉત્તર પ્રદેશમાં આજકાલ આઝમ ખાનની ચર્ચા થઈ રહી છે. નવાઈ લાગે એવી વાત છે કે, આઝમ ખાનનો હંમેશા વિરોધ કરનાર ભાજપની ઉત્તર પ્રદેશ સરકારે ફરીથી આઝમ ખાનને વાય કક્ષાની સિક્યુરીટી આપી છે. જેલમાં જતા પહેલા એમની સિક્યુરીટી પરત લઈ લેવામાં આવી હતી અને સરકારે કહ્યું હતું કે એમને સિક્યુરીટીની કોઈ જરૂર નથી. હવે આઝમ ખાનને ત્રણ ગનર અને અન્ય સુરક્ષા કર્મચારીઓ મળશે. આઝમ ખાન રામપુર વિધાનસભા બેઠક પરથી ૧૦ વાર ધારાસભ્ય રહી ચૂક્યા છે. તેઓ એક વાર સાંસદ તરીકે પણ ચૂંટાયા હતા. આઝમ ખાનને મળવા વિવિધ પક્ષના નેતાઓ જાય છે એટલે સરકારને લાગ્યું કે આઝમ ખાનની સુરક્ષા વધારવી જરૂરી છે. આઈબીના રીપોર્ટને કારણે એમને સુરક્ષા આપવામાં આવી છે.

હરિયાણાના એક આઈપીએસ અધિકારીએ કરેલી આત્મહત્યાની ચર્ચા આજે દેશમાં થઈ રહી છે. એમના વિસ્તારના તમામ સિનિયર અધિકારીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. હવે આજ પ્રકારનો એક વિવાદાસ્પદ કિસ્સો રાજસ્થાનમાં બન્યો છે. ૨૦૦૯ બેચના આઈપીએસ અધિકારી પંકજ ચૌધરીએ ધમાકો થાય એવું નિવેદન આપ્યું છે. પોતાની સામે ચાલી રહેલી કાર્યવાહીને એમણે કાવતરૂ ગણાવ્યું છે. ચૌધરીએ રાજ્યપાલ હરીભાઉ બાગડેને ૬૭૨ પાનાનો લાંબો પત્ર લખ્યો છે. આ પત્રમાં ૧૫ જેટલા આઈએએસ -આઈપીએસ અધિકારીઓ ઉપરાંત બે ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓના નામ પણ એમણે લખ્યા છે. ચૌધરીનો આરોપ છે કે છેલ્લા ૭ વર્ષથી એમનું પ્રમોશન અને કારકિર્દી રોકવા માટે કાવતરા થઈ રહ્યા છે. એમણે કહ્યું હતું કે, 'હું સિસ્ટમ સામે લડી રહ્યો છું, પરંતુ કોર્ટના હુકમનોને પણ અવગણવામાં આવે છે.'

જમ્મુ-કાશ્મીરમાં ૨૪ ઓક્ટોબરે રાજ્ય સભાની ચાર બેઠકો માટે મતદાન થવાનું છે. કોંગ્રેસે ચૂંટણીમા ભાગ નહીં લેવાનું નક્કી કર્યું છે. જમ્મુ-કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તારીક હામીદ કર્રાએ આ માહિતી આપી છે. કારણ એવું આપવામાં આવે છે કે, નેશનલ કોન્ફરન્સએ કોંગ્રેસને સલામત બેઠક આપવાનો ઈન્કાર કર્યો છે. મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લાને ઈશારે આમ થયું હોવાનું કોંગ્રેસનું માનવું છે. તારીક હામીદ કર્રાએ કહ્યું છે કે 'આ નિર્ણય કોંગ્રેસ હાઈકમાન્ડને વિશ્વાસમાં લીધા પછી કરવામાં આવ્યો છે. કોંગ્રેસે રાજ્ય સભાની બે બેઠકોમાંથી એક બેઠક માંગી હતી જેને માટે ચૂંટણી થવાની છે, પરંતુ નેશનલ કોન્ફરન્સએ કોંગ્રેસની માંગણી સ્વીકારી નહોતી. ચાર નંબરની બેઠક બીજી બેઠકો જેટલી સુરક્ષીત નથી. તારીક હામીદ કર્રાએ કહ્યું હતું કે, અમને સુરક્ષિત બેઠક આપવાને બદલે ચોથા નંબરની અસુરક્ષીત બેઠક ઓફર થઈ હતી.'

ભગવાન રામનો સ્વભાવ એવો છે કે કોઈ રામનો અપરાધ કરે તો રામને પીડા નથી થતી

# સંધ્યા એટલે અજવાળાં અને અંધારાંનાં મિલનની એક પાતળી રેખા



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સંધ્યા શબ્દ આવે તો આપણે વિચારીએ છીએ કે સાંજે સુરજ ડૂબે છે, ચાલો સંધ્યા થઈ ગઈ. જ્યાં દિવસનો પ્રકાશ ખતમ થવામાં છે અને રાત્રીનું અંધારું પ્રકાશનું સ્વાગત કરી રહ્યું છે, એની પાતળી એવી જે રેખા છે એને સંધ્યા કહેવાય છે. પરંતુ અજવાળા અંધારાના મિલનનો એ દરેક કાળ સંધ્યા છે**

માનસ અપરાધની આઠમાં દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે રામચરિત માનસમાં ત્રણ સંધ્યાની વાત છે. એક લંકાની સંધ્યા, એક જનકપુરની સંધ્યા, અને એક અયોધ્યાની સંધ્યા. સંધ્યા કેવી હોવી જોઈએ એ વ્યક્તિના હાથમાં છે, જ્યારે સૂરજ ડૂબે છે, એને જ સંધ્યા ન સમજો. સંધ્યાનો મતલબ છે અજવાળા અને અંધારાનું મિલન સ્થાન, સંધ્યા શબ્દ આવે તો આપણે વિચારીએ છીએ કે સાંજે સુરજ ડૂબે છે, ચાલો સંધ્યા થઈ ગઈ. જ્યાં દિવસનો પ્રકાશ ખતમ થવામાં છે અને રાત્રીનું અંધારું પ્રકાશનું સ્વાગત કરી રહ્યું છે, એની પાતળી એવી જે રેખા છે એને સંધ્યા કહેવાય છે. પરંતુ અજવાળા અંધારાના મિલનનો એ દરેક કાળ સંધ્યા છે. આપણી વૈદિક પરંપરામાં એટલે જ પ્રાતઃ સંધ્યા, મધ્યાન સંધ્યા, અને સાયં સંધ્યાનો મત રજૂ કરવામાં આવ્યો છે. માનસમાં પણ ત્રણ પ્રકારની સંધ્યા છે, અને એને આપણે કયા રૂપમાં લેવા માંગીએ છીએ, એના પરથી આપણી કક્ષા નિર્મિત થાય છે.

લંકાની સંધ્યા જોઈએ, રાવણ નૃત્યશાળામાં જાય છે, જ્યાં મનોરંજન થશે, અપ્સરાઓ આવશે, ગંધર્વ આવશે! રાવણ મંદોદરી સાથે સુવર્ણના ચૂલા પર ઝૂલી રહ્યો છે, શું મહેફિલ જામી છે! તો લંકાની સંધ્યા રજોગુણી સંધ્યા છે, જ્યાં મનોરંજન થઈ રહ્યું છે. બીજી બાજુ ભગવાન રામ સુગ્રીવની ગોદમાં મસ્તક રાખીને ઉદીત થયેલા ચંદ્રને જોઈ રહ્યા છે, એ પણ સંધિવેળા છે, પણ એ સતો ગુણી સંધ્યા છે, જ્યાં મારા ઠાકોર રિલેક્સ થઈને સૂતા છે, મિત્ર સાથે ચર્ચા કરી રહ્યા છે. લંકાની જ એક તમો ગુણી સંધ્યાની વાત કરીએ, તો દસ મસ્તક વાળો માણસ વીસ ભૂજા વાળો માણસ, સંધ્યા સમયે પોતાના ભવનમાં જઈ રહ્યો છે. પરંતુ પોતાની 20 ભુજાઓ જોઈને કહી રહ્યો છે, કે આ વીસ ભૂજામાં બધાના સુરજ ડૂબી જશે, કોઈ નહીં બચે! એ અહંકારનું ગૌરવ લઈને જઈ રહ્યો છે, એને વ્યાસપીઠ તમોગુણી સંધ્યા કહે છે. વ્યાસપીઠ નિવેદન કરે છે કે તમારી ક્ષમતા હોય તો પણ સંધ્યા સમયે બળનું કે એશ્વર્યાનું અહમ કરવું નહીં. સંધ્યાના સમયે જે અહમ કરે છે, એના માટે સવાર સારી જતી નથી, કારણ કે સંધ્યા સૌને કહે છે તમારું બળ પણ અસ્ત થઈ જશે, તમારી બુદ્ધિ પણ અસ્ત થઈ જશે, તારું ધન, તારી પ્રતિષ્ઠા બધું અસ્ત થશે. એટલે બે હાથ જોડો, વીસ ભૂજાઓ ફેલાવો નહીં. તમારી સંધ્યા પર તમારો સૂર્યોદય ડીપેન્ડ છે, એટલે કે આપણે સંધ્યા સમયે અહમ કરીએ નહીં તો સૂર્યોદય શુભનો સંકેત કરે છે.

અગામી બક્સરની કથામાં આવું ત્યારે આજુબાજુના આદિવાસીના કસબામાં કૂટિયા બનાવીને રહેવાની ઈચ્છા વ્યક્ત કરી, અને સરહદનાં વિસ્તારમાં પણ હું મળવા જઈશ, જેને ડર હોય એ મારી સાથે ન આવે. આતંકવાદીને કોઈનો ડર નથી તો આત્મવાદીને શેનો ડર!; મારી સાથે સિક્યોરિટી પણ ન આવે, માણસે પોતાની અહિંસાની કસોટી ખુદ કરવી જોઈએ.

એક વાત સમજી લો, જેમણે અહિંસાને પૂર્ણપણે પોતાનાં જીવનમાં સ્થાપિત કરી, હોય તો સામેવાળા હિંસા નહીં કરી શકે, હા અપવાદ છે નિયતિ. ગાંધીની અહિંસામાં કોઈક કસર નહોતી, એક માણસ આવી ગયો રિવોલ્વર લઈને, એને અહિંસાની અસર ન થઈ, કારણ કે ગાંધીની નિયતિ મા આ રીતનું મૃત્યુ લખ્યું હતું. જીસસ શું હિંસક હતાં, છતાં એમને વધ સ્તંભ પર લટકાવી દીધાં, એ એમની નિયતિ હતી. બુદ્ધ પુરુષ નિયતિને કાયમ આવકારે છે.

તો લંકાની સંધ્યા રજોગુણી છે. અયોધ્યાની સંધ્યા જ્યાં ભગવાન રામનો જન્મ થયો એ મધ્યાન સંધ્યા. બાર વાગે કે જ્યારે સૂર્ય ધીરે ધીરે અસ્ત તરફ પ્રયાણ કરે છે. રામનો જન્મ થયો ત્યારે ગોસ્વામી લખે છે અબીલ ગુલાલ ઉડી રહ્યા છે, બપોરને રાત્રિ મળવા આવી છે. એ સમજે છે કે દિવસમાં હું જઈ શકીશ, સાહસ કર્યું. આવી તો ગઈ અયોધ્યામાં, ભગવાન રામના દર્શન કરવા. પરંતુ સૂર્યને જોયો આ તો મધ્યાનનો સૂરજ હું ક્યાં આવી પડી. એ રાતના રૂપમાં ન રહી, તદભી બની સંધ્યા અનુમાની. એટલે કે અયોધ્યાની સંધ્યા છે રામનું પ્રાગટ્ય. લંકાની સંધ્યા છે અહંકારનું પ્રાગટ્ય. એ જ રીતે જનકપુરમાં બીજા દિવસનો સાયંકાળ પુષ્પવાટિકાનો પ્રસંગ સાયનકાળે ગુરુની આજ્ઞાને રામ લક્ષ્મણ સંધ્યા કરવા માટે પધાર્યા. સંધ્યાનો નિયમ હોય છે, સવારની સંધ્યા પૂર્વાભીનું હોય છે, સાયંકાળની સંધ્યા અસ્તાચલ તરફ હોય છે. મારા ભગવાનને ભાન ન રહ્યું, અને એ સાયં સંધ્યા પૂર્વ દિશા તરફ કરી રહ્યા છે. લક્ષ્મણજીએ કહ્યું આ શાસ્ત્ર વિરુદ્ધ છે, રામ શાસ્ત્ર વિરુદ્ધ નથી કરતાં, સવારે ભગવાન વાટીકામાં ગયાં, અને જાનકીના દર્શન કર્યા, ત્યારથી ભગવાન બસ જાનકીમય, બપોરનું ભોજન લીધું તો અંદર જાનકી, સાયંકાળે સત્સંગ થયો, ત્યારે બાબા વેદાંતની ચર્ચા કરે છે, ત્યાં ભક્તિમય ભગવાન છે. પૂર્વ દિશામાં ભગવાન સાયનકાળની સંધ્યા કરી રહ્યા છે, અને પૂર્વ દિશામાં હમણાં હમણાં ચંદ્ર નીકળ્યો છે, ભગવાન રામને ચંદ્રમામા ચાંદ ન દેખાયો, જાનકીનો ચહેરો દેખાયો. આલ્હાદીની શક્તિનો ચહેરો જોઈ રહ્યા છે, ઠાકુર. ભગવાન પ્રસન્ન થયાં, બીજી જ ક્ષણે ભગવાનને વિચાર્યું કે નહીં, ચંદ્ર સાથે જાનકીના ચહેરાની તુલના ન હોય એ તો વધે છે ઘટે છે. સમય આવે ત્યારે રાહુ એને ગ્રસી લે છે, એના પર ગુરુ અપરાધનું કલંક છે. ભગવાન કહે છે જાનકીનું મુખ ક્યાં અને ચંદ્ર તું ક્યાં? તું તો રંક છે, સાવ ફિક્કો લાગે છે, તો આ છે જનકપુરની ભક્તિમય સંધ્યા.

રામ અને રાવણ બંને ગુરુ ભાઈ છે. બંનેના ગુરુ મહાદેવ છે, બંને સીતાના ચહેરાનો જ ધ્યાન કરે છે. રામ અહીં અને ત્યાં લંકામાં રાવણ. લંકાના યુદ્ધમાં રામ સીયાનું ધ્યાન કરી રહ્યા છે, રામનું ધ્યાન કરતાં પહેલાં જાનકીનું ધ્યાન કરવું, કારણકે શરૂઆત ત્યાંથી થઈ હતી. રામના ચિત્તની દિવાલ પર જાનકીનું ચિત્ર પુષ્પવાટિકામાં અંકિત થયું. દરેક પુરુષે પોતાની પત્નીનું ધ્યાન કરવું, દરેક નારીએ પોતાનાં પતિનું ધ્યાન કરવું. સીતાજી ત્રીજાટાને પૂછ્યું હે માત, મને બતાવ રાવણ મરતો કેમ નથી? હું ખૂબ જ દુઃખી છું, હું મરી જઈશ! જેણે કુંભકરણને માર્યો છે,એ મારા રાઘવ રાવણને કેમ મારી શકતા નથી? ત્રીજટા કહે છે મરશે! સીતા પૂછે છે ક્યારે? ત્રીજટા કહે છે, રાવણ તમારું ધ્યાન છોડી દેશે, ત્યારે મરી જશે. રાવણ નિરંતર જાનકીના ધ્યાનમાં ડૂબ્યો છે, જ્યારે એનું ધ્યાન છૂટી જશે, ત્યારે ભગવાન તીર મારશે.

લંકાની સંધ્યા છે તમોગુણી અવધની સંધ્યા છે સતોગુણી, અને મિથિલાની સંધ્યા છે ભક્તિગુણી, જ્યાં નથી રજોગુણ,નથી તમોગુણ, નથી સતોગુણ.

માનસ અપરાધ વિશેના ઘણાં પ્રશ્નો છે!: આ ઉપરાંત રામકથાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું, એ વિશે અહોભાવ પણ છે. અમૃત વહેંચાઈ રહ્યું છે, અમારી શંકાઓ ટળતી જાય છે. કથાનો જે પ્રસાદ લઈએ છીએ, એમાં બધું ફળ યજમાનને મળી જાય છે! ધર્માદાનું કેમ ખવાય! અધર્મનું બહુ ખાવ છો, આ નવ દિવસ ધર્મનું પણ ખાઈ લો એભ્રાંતિ છોડો.

સંસારમાં ત્રણ પ્રકારના જીવ છે, વિષયી, સાધક, અને સિદ્ધ, ચોથો પ્રકાર વ્યાસપીઠ જોડે છે શુદ્ધ. આપણે બધા વિષયી છીએ, વિષયી પાપ કરે છે. કેમકે વિષયીને કામ ક્રોધ લોભ બધું લાગુ પડે છે, એ બધા રજોગુણ વાળા તત્વો આપણને પાપમાં પ્રવૃત્ત કરે છે. વિષયી જીવને પ્રભુતા મળે તો અહંકાર આવી જાય છે, એટલે વિષયી આવા ભાવથી જે કરે એ પાપ છે. સાધક પાપ નથી કરી શકતાં, પણ અપરાધ કરે છે, અને સિદ્ધ હોય એ અપરાધ નહીં પરંતુ ભૂલ કરે છે. ઘણા સિદ્ધો એ ભૂલ કરી છે. જગતમાં. તલગાજરડી દ્રષ્ટિએ ચોથો પ્રકાર શુદ્ધ જીવ, એને તુલસીએ સાધુ કહ્યો છે. સાધુ પાપ નથી કરતો, અપરાધ નથી કરતો, અને ભૂલ પણ નથી કરતો, અને એવો શુદ્ધ સાધુ લોક કલ્યાણ માં સતત પ્રવૃત્ત રહે છે. કથાના ક્રમમાં રામ લક્ષ્મણ વિશ્વામિત્ર સાથે જાય છે, અને તાડકાને નિર્વાણ આપે છે, ત્યાં સુધીની કથા કહી આઠમા દિવસની કથાને વિરામ આપ્યો.

સમય એવો આવ્યો છે કે, દરેકનું મન બગડે છે

# આજકાલ કળિયુગમાં રાવણ તો નથી રહ્યા,પણ રાવણનો વંશ બહુ વધ્યો છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સ્વપ્ન ખોટું છે તે સમજાય ક્યારે? જાગીએ ત્યારે? જાગ્યો કોણ? સર્વ વિષયોમાંથી જેનું મન હઠી ગયું,છૂટી ગયું તે. રાજા, તેથી તો કહું છુંકે,આ બધા મનના ખેલ છે. મનને શુદ્ધ કરવા સંતોનો સમાગમ કરવો. સંતોની ચરણ રજ મસ્તકેચડાવવી મહાપુરુષો ની સેવાથી બ્રહ્મપ્રાપ્તિ થાય છે**



ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે ગઈકાલે જોયું કે જ્ઞાની ઓ જગત ને સત્ય માનતા નથી. જ્ઞાનીઓ સંસારને મન કલ્પિત માને છે તેમ છતાં જેમ ખોટું સ્વપ્ન રડાવે છે તેમ આ ખોટું જગત પણ મનુષ્યના જીવને રડાવે છે દાખલા તરીકે એક મનુષ્ય સૂતેલો છે.તેને સ્વપ્ન આવ્યું કે,વાઘે તેના પર હુમલો કર્યો.વાઘે મને ખાઈ જશે એમ માની તે માણસ ચીસો નાંખવા લાગ્યો અને રડવા લાગ્યો. તરત તે જાગી ગયો. હવે તેને સમજાયું કે, આ તો સ્વપ્ન હતું. સ્વપ્નના વાઘથી બીવાની કાંઈ જરૂર નથી.

પરંતુ સ્વપ્ન ખોટું છે તે સમજાય ક્યારે? જાગીએ ત્યારે? જાગ્યો કોણ? સર્વ વિષયોમાંથી જેનું મન હઠી ગયું,છૂટી ગયું તે.રાજા, તેથી તો કહું છુંકે,આ બધા મનના ખેલ છે. મનને શુદ્ધ કરવા સંતોનો સમાગમ કરવો. સંતોની ચરણ રજ મસ્તકેચડાવવી મહાપુરુષો ની સેવાથી બ્રહ્મપ્રાપ્તિ થાય છે.

હે રાજા,સત્સંગ વગર જ્ઞાન મળતું નથી. સ્વરૂપનું પરિપૂર્ણ એ એક જ સત્ય વસ્તુ છે. એક બ્રહ્મ જ સત્ય છે.બ્રહ્મ સત્યસ્વરૂપ,ભેદ થી રહિત,પરિપૂર્ણ આત્મસ્વરૂપછે પંડિતો તેને ભગવાન વાસુદેવ, શ્રી કૃષ્ણ એ નામોથી પણ વર્ણવે છે, બાકી જગત તો મિથ્યા છે.આમ રાજર્ષિને દિવ્ય તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કર્યા પછી ભરતજીએ ભવાટવીનું વર્ણન કર્યું.

એક એક ઈન્દ્રિય આત્માનું વિવેક રૂપી ધન લૂંટ છે,કોઈ સંત મળે તો સંસારરૂપી જંગલમાંથી એને બહાર કાઢે.સંસારમાં એકલા ભટ કશો નહીં.કોઈ સંતનો,સદગુરુનો આશ્રય લેશો તો તેમાંથી બહાર નીકળશો.માયાના કારણે જીવ સુખની લાલચમાં આ સંસારરૂપી જંગલમાં ભટકે છે,પણ તેને સાચું સુખ મળતું નથી.જેનો નાયક આંધળો તેનું લશ્કર ખાડામાં. તેવી રીતે જે જીવનો સરદાર એટલે કે મન યોગ્ય નથી.તેના પર ઈન્દ્રિયોરૂપી લૂંટારા હુમલો કરે છે અને તેનું ધર્મરૂપી ધન લૂંટી લે છે. આવા સંઘમાં રહેલા પ્રમાદી મનુષ્યને ઘેટાના ટોળામાંથીપ્રમાદી ઘેટાને જેમવરુ ખેંચી જાય તેમ સ્ત્રી-પુત્રરૂપી શિયાળવા ખેંચી જાય છે.

આ સંસાર જંગલ,વેલા તથા જાળાઓથી ગીચ છે.તેમાં ડાંસ મચ્છરોનો પાર નથી.આવા જંગલમાં જીવને ગંધર્વનગર દેખાય છે.એટલે શરીરાદિને તે સત્ય માને છે.

આ જીવ ભૂખથી વ્યાકુળ થાયછે ત્યારે અપવિત્ર વૃક્ષોનો એટલે કે અધાર્મિક મનુષ્યોનો આશ્રય કરે છે અને તૃષાથી પીડાય છે, ત્યારે ઝાંઝવાના જળ એટલે કે શોક રૂપી અગ્નિ ગૃહસ્થાશ્રમને દુ:ખમય બનાવી મૂકે છે.

આ જંગલમાં ચાલતાં જીવો કાંટા અને કાંકરાથી એટલે કે અનેક પ્રકારનાં સંકટોથી વીંધાઈ જાયછે

આ જીવોને ત્યારે નિદ્રારૂપી સર્પ કરડે છે. તેથી તે મુડદા જેવો થાય છે.કોઈ વાર દુર્જનો રૂપી હિંસક પ્રાણીઓ કરડે છે, તો કોઈ વખત તે પોતે જ અંધ બની એટલે કે વિવેકભ્રષ્ટ બની,તે મોહના બંધારિયા કૂવામાં પડી દુઃખથો રિબાય છે.વળી આ જીવો એ જંગલમાં સ્ત્રીઓરૂપી લતાની શાખાઓનો આશ્રમ કરી ત્યાં રહેલા અસ્પષ્ટ મધુર મધુર શબ્દ કરતાં બાળકોરૂપી પક્ષીઓને રમાડવા ઈચ્છે છે. છેવટે સિંહરૂપી જન્મમરણનો તેઓશિકાર બનેછે

આમ જીવાત્મા કોઈ વખત સુખી અને કોઈ વખત દુ:ખી થાય છે. જીવ ભગવાનનાં ચરણનો આશ્રય લે તો કૃતાર્થ થાય છે.

ટૂંકમાં આ સંસારમાર્ગ દારુણ, દુર્ગમ અને ભયંકર છે.માટે વિષયો માં મનને આસક્ત કર્યા વગર શ્રી હરિની સેવાથી તીક્ષ્ણ બનેલા જ્ઞાનરૂપ તલવાર લઈ આ સંસાર માર્ગને તું પાર કર!ભરતજીએ આમ રહુગણ રાજાને પ્રથમશિક્ષા અને પછી દીક્ષા આપેલી છે ભગવતાશ્રય કરનારનો આશ્રય કરે તે કૃતાર્થ થાય છે.તે પછી આવે છે ભારત વર્ષના ઉપાસ્ય દેવો અને ઉપાસકભક્તો નું વર્ણન.

માનવશરીરની નિંદા ભાગવતમાં ઠેર ઠેર કરેલી છે. માનવશરીરની સ્તુતિ એક પાંચમા સ્કંધમાં જ છે અને તે પણ દેવોએ કરેલી છે.

માનવશરીર મુકુંદની સેવા કરવા માટે છે.માનવ ધારે તો નરનો નારાયણ થઈ શકેછે.મનુષ્ય જન્મ સર્વ પુરુષાર્થોનું સાધન છે એમ કહી દેવો આ ભારતવર્ષમાં જન્મ પામેલા મનુષ્યોનો આ પ્રમાણે મહિમા ગાય છે:અહો,આ ભારતવર્ષના મનુષ્યોએ કયા પુણ્ય કર્યા હશે? અથવા શ્રીહરિ પોતે જ શું તેઓ ના ઉપર પ્રસન્ન થયા હશે? મનુષ્યજન્મ શ્રીહરિની સેવા માટે ઉપયોગી હોઈ, અમે પણ એની ઝંખના કરીએ છીએ.એ સૌભાગ્યની તો અમે પણ હંમેશાં સ્પૃહા કરીએ છીએ. આમ,દેવો જેની ઝંખના કરે છે તેવો મનુષ્યજન્મ ભારતમાં મેળવ્યા પછી માનવી ઈશ્વરને ભૂલે તો એનું અસદભાગ્ય! પરમાત્માએ આ જન્મ આપીને જ મોટી કૃપા કરી છે તેને શું વ્યર્થમાં જવા દેશો? ચારે તરફ જોતાં બહુ દુઃખ થાય છે. આજકાલ કળિયુગમાં રાવણ તો નથી રહ્યા,પણ રાવણનો વંશ બહુ વધ્યો છે.આજકાલ સમય એવો આવ્યો છે કે, દરેકનું મન બગડે છે,પણ ઈષ્ટદેવનું નામ પ્રીતિ સાથે થતાં મન બગડતું અટકી જાય છે! આજે છેલ્લે એક સરસ દ્રષ્ટાંત જોઈએ તો

એક રાજા પોતાની પ્રજાની ખૂબ કાળજી રાખતો હતો. અચાનક, તેના રાજ્યમાં ચોરીની અસંખ્ય ફરિયાદો આવવા લાગી.તેના શ્રેષ્ઠ પ્રયાસો છતાં,ચોર અજાણ રહ્યો.

હતાશ થઈને, રાજાએ જાહેરાત કરી કે જે કોઈ ચોરી કરતા પકડાશે તેને મૃત્યુદંડની સજા આપવામાં આવશે.બધીજગ્યાએ સૈનિકો તૈનાત કરવામાં આવ્યા. જાહેરાત પછી ત્રણ-ચાર દિવસ સુધી,ચોરીની કોઈ ફરિયાદ મળી નહીં.

તે રાજ્યમાં એક ચોર હતો જે ચોરી સિવાય બીજું કંઈ જાણતો ન હતો.તેણે વિચાર્યું, 'મારું એક માત્ર કામ ચોરી કરવાનું છે.જો હું આનો ડર રાખતો રહીશ,તો હું ભૂખે મરશે.જો હું ચોરી કરતા પકડાઈ જઈશ, તો પણ હું મરી જઈશ.ભૂખે મરવા કરતાં ચોરી કરવી સારી છે.'

તે રાત્રે,તે ચોરી કરવા માટે ઘરમાં ઘૂસી ગયો.ઘરના લોકો જાગીગયા અને બૂમો પાડવા લાગ્યા,અને ચોર ભાગી ગયો. ચોકીદારે તેનો પીછો કર્યો. ચોર શહેરની બહાર પોતાનો જીવ બચાવવા ભાગી ગયો.તેણે પાછળ ફરીને જોયું કે ઘણા સૈનિકો તેનો પીછો કરી રહ્યા છે.તેમને હરાવીને ભાગી જવું શક્ય નહીં બને. દોડવાથી તેનો જીવ બચશે નહીં; તેણે કોઈ રણનીતિ બનાવવી પડશે. ચોર શહેરની બહાર એક તળાવ પાસે પહોંચ્યો.તેણે પોતાના બધા કપડાં કાઢીને તળાવમાં ફેંકી દીધા. અંધારાનો લાભ લઈને તે એક વડના ઝાડ પાસે ગયો.

વડના ઝાડ પર બગલા રહેતાહતા તેના મૂળ પાસે બગલાનું મળપડ્યું હતું.ચોરે મળ ઉપાડ્યો તેને તિલક તરીકે લગાવ્યો અને ધ્યાન કરવા માં ડૂબેલો હોવાનો ડોળ કરીને આંખો બંધ કરીને બેસી ગયો.

થોડી વાર પછી, સૈનિકો પણ ત્યાં પહોંચ્યા,પરંતુ તેઓ ચોરને જોઈ શક્યા નહીં.જેમજેમ તેઓ શોધતા ગયા, તેમ તેમ પ્રકાશ થઈ ગયો, અને તેમની નજર બાબાના વેશમાં ચોર પર પડી.

સૈનિકોએ પૂછ્યું, 'બાબા,શું તમે કોઈને અહીં આવતા જોયા છે?' પરંતુ નકલી બાબા ઊંડા ધ્યાનમાં હતા.તે જાણતો હતો કે જો તે બોલશે,તો તે પકડાઈ જશે, તેથી તે મૌની બાબા બની ગયો અને ધ્યાનમાં હોવાનો ડોળ કરતો રહ્યો

સૈનિકોને શંકા ગઈ,પણ તેઓ શું કરી શકે?જો તે ખરેખર સંત બની જાય તો શું?છેવટે,તે ચોર ગુપ્ત રીતે તેનું નિરીક્ષણ કરતો રહ્યો. તેને આ વાતનો અહેસાસ થયો. પોતાનો જીવ બચાવવા માટે,તે પણ ચૂપ રહ્યો.એક દિવસ,બે દિવસ,ત્રણ દિવસ પસાર થયા. બાબા બેઠા જ રહ્યા.શહેરમાં વાત ફેલાઈ ગઈ કે કોઈ સંત કોણ જાણે કેટલા સમયથીખાધા-પીધા વગર ધ્યાન કરી રહ્યા છે.સૈનિકો એ અચાનક તેમને જોયા.આખા શહેરમાંથી લોકો બાબાને મળવા આવવા લાગ્યા.ભક્તોનો મોટો ટોળો એકઠો થવા લાગ્યો. રાજાને ખબર પડી કે તેઓ પોતે બાબાને મળવા આવ્યા.રાજાએ તેમને શહેરમાં આવવા અને તેમની સેવા કરવાનો લહાવો આપવા વિનંતી કરી.ચોરને લાગ્યું કે આ તેનો ભાગી જવાનો મોકો છે.તે રાજવી મહેમાન બનવા સંમત થયો.બધાએ તેને નગરમાં વધાવી ને તેની સેવા કરવાનું શરૂ કર્યું.

લોકોનો પ્રેમ અને ભક્તિ જોઈને, ઢોંગીનું હૃદય બદલાઈ ગયું.તેને સમજાયું કેજો કોઈ નકલીવ્યક્તિ ને આટલો આદર મળે છે,તો એક સાચો સંત કેટલો આદર આપે છે. તેનું મન સંપૂર્ણપણે બદલાઈ ગયું, અને તેણે ચોરી છોડી દીધી અને સન્યાસી બની ગયો.

### રણબીરની નિરાશાને અનિલ કપૂરે હળવી કરી

# શમશેરા ફ્લોપ જતાં રણબીર આઘાતમાં સરી પડ્યો હતો




અનિલ કપૂરે સંદીપ રેડ્ડી વાંગાની ફિલ્મ 'એનિમલ'માં રણબીર કપૂરના પિતાનો રોલ કર્યો હતો. આ ફિલ્મના શૂટ દરમિયાન અનિલ અને રણબીર વચ્ચે ઘણી સારી ભાઈબંધી થઈ ગઈ હતી. જોકે, રણબીરની 'અનિમલ' રિલીઝ થઈ તે પહેલાં સુધી તે કેરીઅરમાં એક ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. તાજેતરમાં અનિલ કપૂરને ફિક્કી ફ્રેમ્સના એક કાર્યક્રમમાં કલાકારોએ ફિલ્મને લગતી ટીકાઓનો સામનો કઈ રીતે કરવો જોઈએ, તે અંગે પ્રશ્ન પૂછાતા અનિલ કપૂરે ઘોંઘાટને કઈ રીતે તમારા સુધી ન પહોંચવા દેવો એ અંગે વાત કરી હતી. અનિલ કપૂરે ૪ દાયકાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કર્યું છે. અનિલ કપૂરે જણાવ્યું, "હંમેશા ઘોંઘાટ તો રહેવાનો. લોકો હંમેશા તમારા વિશે કંઈક બોલવાના છે અને કંઈક લખવાના જ છે. ત્યારે આપણા સુધી એ ઘોંઘાટ પહોંચે નહીં તે જરૂરી છે. મને આ બાબત શીખવામાં લગભગ ૪૫ વર્ષ થયા છે. પહેલાં મને પણ આ બાબતોથી ઘણી અસર થતી હતી મને લાગે છે કે યુવાનોને પણ તેનાથી ઘણી અસર થતી હશે. એટલે હું તો એમને એ જ કહું છું, "કંઈ નહીં યાર. કાલ સુધીમાં બધા બધું ભુલી જવાના છે."અનિલ કપૂરે આ ચર્ચામાં રણબીર કપૂરનું ઉદાહરણ આપ્યું હતું. તેણે કહ્યું કે એનિમલ શરૂ થઈ એ પહેલાં રણબીર કપૂર ઘણા નબળા તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો, કારણ કે એની ફિલ્મોને સફળતા મળી નહોતી. અનિલે કહ્યું, "મને યાદ છે કે જ્યારે હું એનિમલનું શૂટિંગ કરતો હતો. રણબીર ત્યાં આવ્યો અને તેની ફિલ્મ શમશેરા રિલીઝ જ થઈ હતી. એ બહુ નિઃરાશ હતો અને આવીને મને કહ્યું, "બધઆની નજર મારા પર છે અને મેં આવડી મોટી ફલોપ ફિલ્મ આપી." મેં તેને કહ્યું, "એક સારો શોટ આપી દઈએ, કાલ સુધીમાં બધા ભુલી જશે."અમે એક ફોટોશૂટ કરતા હતા અને મેં તેને કહ્યું, "બહુ મન પર ન લઈશ દોસ્ત." તમે માત્ર કલ્પના કરો છો, કે બધાની નજર તમારા પર છે અને તમારી નિષ્ફળતા જુઓ છે. સફળતા અને નિષ્ફળતા તમારા હાથમાં નથી. જે થયું છે એ તમે એક વાર સ્વીકારી લો, તમે ઈમાનદારીથી કામ કર્યું છે, તો તમે બધું ભુલી જશો."

### સોશિયલ મીડિયા પર લોકોએ ઝાટકણી કાઢી

# તમન્ના ભાટિયા અંગે અન્નુ કપૂરે કરી વિવાદાસ્પદ ટિપ્પણી

### કેટલાક લોકોએ કહ્યું કે તેમની ટિપ્પણીઓ વાહિયાત હતી અને તેમણે આ ઉંમરે થોડો સંયમ રાખવો જોઈતો હતો


ટેલિવિઝન અને બોલીવુડના જાણીતા કલાકાર અન્નુ કપૂર તેમના અવાજ માટે અને સ્પષ્ટવક્તા તરીકે જાણીતા છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે અભિનેત્રી તમન્ના ભાટિયા વિશે કરેલી ટિપ્પણીથી લોકોના ગુસ્સાનો ભોગ બન્યા છે.અભિનેત્રી તમન્ના ભાટિયાના વાઈરલ ગીત 'આજ કી રાત' પર અન્નુ કપૂરનો ફની પણ થોડો વિવાદાસ્પદ પ્રતિભાવ અને એક નિવેદન સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. હવે, લોકો તેમની ઉગ્ર ટીકા કરી રહ્યા છે, અને તેમણે પોતાની ઉંમરનો વિચાર કરવાનું બંધ કરી દીધું હોવાનું કહી રહ્યા છે. ચાલો જાણીએ કે અન્નુ કપૂરે શું કહ્યું.તમન્નાએ કહ્યું હતું કે માતાઓ તેમના બાળકોને ઊંઘાડવા માટે ગીતો



ગાય છે. આ નિવેદનની મજાક ઉડાવતા અન્નુ કપૂરે કહ્યું હતું કે માશાઅલ્લાહ, કેટલું દૂધિયું શરીર! કેટલા વર્ષના બાળકો સૂએ છે? ૭૦ વર્ષનો વૃદ્ધા પણ સૂઈ શકે છે!અંગ્રેજીમાં તે કહે છે કે તે ૭૦ વર્ષના છે. હું ૭૦ વર્ષનો છોકરો છું, કોઈ ૧૧ વર્ષનો વૃદ્ધ પણ હોઈ શકે છે. તો કોણ સૂવે છે? એ કેવી રીતે ખબર પડે?" તમન્નાના નિવેદન પર તેમના રમુજી પ્રતિભાવથી લોકો હસવા લાગ્યા અને વિચારવા લાગ્યા.અન્નુ કપૂરે તમન્નાની પ્રશંસા કરતા કહ્યું કે જો તેનું ગીત કે તેનો "દૂધિયો" ચહેરો બાળકોને ઉંઘાડે છે, તો તે દેશ માટે સારી વાત છે. તેમણે કહ્યું કે જો આપણા બાળકો સારી અને સ્વસ્થ રીતે સૂઈ જાય તો આ દેશ માટે ખૂબ સારી વાત હશે. તેમણે એમ પણ કહ્યું કે જો તમન્નાની બીજી કોઈ ઈચ્છા હોય, તો તે ભગવાન પાસે પ્રાર્થના કરશે, જેથી તે તેને પૂર્ણ કરી શકે.સોશિયલ મીડિયા પર આ ઈન્ટરવ્યૂ પર મિશ્ર પ્રતિક્રિયાઓ આવી છે. કેટલાક લોકોએ અન્નુ કપૂરની ટિપ્પણીઓને રમુજી ગણાવી જ્યારે કેટલાક લોકોએ તેમની ઉંમરનો ઉલ્લેખ કરીને સૂચવ્યું કે તેઓ વૃદ્ધ થઈ ગયા છે. કેટલાક લોકોએ કહ્યું કે તેમની ટિપ્પણીઓ વાહિયાત હતી અને તેમણે આ ઉંમરે થોડો સંયમ રાખવો જોઈતો હતો. એક વ્યક્તિએ લખ્યું હતું.

# તારા સુતારિયા અને વીર પહાડિયાની કેમિસ્ટ્રીએ લુટી મહેફિલ

બોલીવુડમાં દિવાળી પહેલાની પાર્ટીઓ શરૂ થઈ ગઈ છે. પ્રખ્યાત ફેશન ડિઝાઈનર મનીષ મલ્હોત્રાએ દિવાળી પાર્ટીનું આયોજન કર્યું હતું, જેમાં ઘણી બી-ટાઉન




સેલિબ્રિટીઓ અદભુત લુકમાં જોવા મળી હતી. બોલીવુડના નવા રોમેન્ટિક કપલ, તારા સુતારિયા અને વીર પહારિયાએ શોમાં ખૂબ જ સુંદરતા મેળવી. તેમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.મનીષ મલ્હોત્રાની દિવાળી પાર્ટીમાં, બોલીવુડના નવા પ્રેમીપંખીડા, તારા સુતારિયા અને વીર પહાડિયા, હાથમાં હાથ નાખીને રેડ કાર્પેટ પર ચાલ્યા. તેમની કેમિસ્ટ્રીએ ધ્યાન ખેંચ્યું. તેઓ સ્ટાઈલિશ અને ખુશ દેખાતા હતા.દિવાળી પાર્ટીમાં તારા અને વીર તેમના લુકથી પ્રભાવિત થયા. દિવાળી પાર્ટીમાં વીર ખૂબ જ સુંદર દેખાતો હતો, તેણે સફેદ વી-નેક કુર્તા-પાયજામા અને લીલા ગળાનો હાર પહેર્યો હતો. તારાએ ચમકતો પોશાક પહેર્યો હતો, ખભા વગરનો ટોપ અને મેચિંગ દુપટ્ટો પહેર્યો હતો. તેણે ગળામાં હીરાનો હાર પહેર્યો હતો અને વાળ ખુલ્લા રાખ્યા હતા. એકંદરે, આ કપલ ખૂબ જ સુંદર દેખાતું હતું.આ કપલ છેલ્લા ઘણા મહિનાઓથી મીડિયામાં હેડલાઈન્સ બનાવી રહ્યું છે. મે મહિનામાં તેમના સંબંધોની અફવાઓ પહેલી વાર સામે આવી હતી જ્યારે તેઓ મુંબઈના એક રેસ્ટોરન્ટમાં રાત્રિભોજન પછી અલગ અલગ જતા જોવા મળ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં રનવે પર શોસ્ટોપર તરીકે સાથે દેખાયા ત્યારે ચર્ચા વધુ તીવ્ર બની હતી.મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુશીલ કુમાર શિંદેના પૌત્ર અને જાહ્નવી કપૂરના બોયફ્રેન્ડ શિખર પહાડિયાના ભાઈ વીર પહાડિયા એક અગ્રણી રાજકીય પરિવારમાંથી આવે છે અને તે માત્ર તેના પારિવારિક સંબંધો માટે જ નહીં પરંતુ અક્ષય કુમાર સાથે સ્કાય ફોર્સમાં બોલિવૂડમાં ડેબ્યૂ કરવા માટે પણ સમાચારમાં રહ્યા છે.

### ૧૨ કલાક કામનો નિયમ શોષણ સમાન

# દીપિકા પાદુકોણની શરતો અને મત પર ઇન્ડસ્ટ્રી બે ભાગમાં વહેંચાઈ

### દીપિકાની ૮ કલાક કામના નિયમની ચર્ચામાં હંસલ મહેતા, હેમા માલિની અને શર્મિલા ટાગોરે ઝંપલાવ્યું

દીપિકા પાદુકોણ હાલ ઈન્ડસ્ટ્રીમાં ચર્ચામાં છે. ચર્ચાનો મુદ્દો એ છે કે જ્યારે કોઈ નવી માતાનું બાળક ઘરમાં રાહ જોતું હોય તો માતાએ કેટલા કલાક કામને આપવા જોઈએ? માતા કામ અને માતૃત્વ વચ્ચે સંતુલન કઈ રીતે મેળવી શકે, તો કેટલાકની દલીલ છે કે ફિલ્મ મેકિંગ એ કોઈ ૯થી ૫ની જોબ નથી. ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા લોકો છે, જે તેણે પોતે લાદેલી આ ગાઈડલાઈનની વિરોધણાં છે. ફિલ્મમેકર હંસલ મહેતાએ થોડા વખત પહેલાં આ મુદ્દે પોતાનો મત વ્યક્ત કરતા કહેલું, "મને લાગે છે, સંતુલન જરૂરી છે. કામ, આરામ, પરિવાર, મિત્રો અને પોતાની જાત માટે સમય કાઢવો એ કોઈ સુવિધાઓ નથી, એ તો આરોગ્ય અને આપણે જે સર્જન કરીએ છીએ તેમાં મહત્વની જરૂરિયાતો છે. ૧૨ કલાક કામનો નિયમ શોષણ સમાન છે. તેમાં કોઈ અપવાદ હોઈ શકે છે અને તેમાં કોઈ



ચોક્કસ ધોરણો ન હોય."હંસલ મહેતાએ પોતાના અનુભવ અંગે વાત કરતા જણાવ્યું, "મને યાદ છે, કે એક વખત મેં એક ફિલ્મમાં કામ કરેલું અને એમાં અમે ૮-૯ કલાકોમાં જ શૂટ પૂરું કરી દેતાં હતાં. તો તરત જ પ્રોડ્યુસર્સ આવી જતાં અને કહેતાં કે હજુ થોડું શૂટ કરી લો. તેના કારણે ફિલ્મનું શીડ્યુલ હતું એનાં કરતાં લાંબું ચાલ્યું. સમય બચ્યો જ નહીં, ઉપરથી સમય વેડફાયો, કલાકો ખેંચાયા અને કોઈ કામ લાગ્યા નહીં."જ્યારે હેમા માલિનીએ જણાવ્યું, "હું બીજા કોઈની વાત પર કોઈ નિવેદન આપવા માગતી નથી.દરેકનો પોતાનો નિર્ણય હોય છે. જો મારી વાત હોય તો, મને મારા કામ અને માતા તરીકેની ફરજોમાં સંતુલન જાળવવામાં કોઈ મુશ્કેલી પડી નથી. મારી બંને દિકરીઓ એશા અને આહના નાના હતા, ત્યારે હું હંમેશા તેમની સાથે હતી. હું તેમને ક્યારેય મારી સાથે શૂટિંગમાં પણ લઈ ગઈ નથી. મારે ક્યારેય એવું કરવાની જરૂર જ નથી પડી. તમારે બસ તમને કોઈ સહકાર આપે એવી વ્યક્તિની જરૂર હોય છે. જ્યારે હું કામ કરતી હતી ત્યારે મારી માતા હંમેશા મારી મદદમાં હાજર હતી."જ્યારે શર્મિલા ટાગોરે આ અંગે કહ્યું, "હું મારી જાતને ક્યારેય પર્ફેક્ટ મા કહેતી નથી. પણ હા, મેં એ ધ્યાન રાખ્યું હતું કે સૈફ, સબા અને સોહા માટે હું હંમેશા હાજર હોઉં. મને નથી લાગતું કે મારા કારણે તેમને ક્યારેય અવગણના થતી હોય એવું અનુભવાયું હોય. હિન્દી સિનેમામાં ઘણી મારી યાદગાર ફિલ્મો મેં માતા બન્યાં પછી જ કરી છે. હું જ્યારે છોટી બહુનું શૂટિંગ કરતી હતી, ત્યારે સૈફ આવવાનો હતો. તેના જન્મ પછી હું એને સેટ અને લોકેશન પર લઈને જતી હતી.

# અક્ષય કુમારની સિનેમાના ન્યૂકમર્સને આપી ખાસ સલાહ



ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાના કરિયર શોધી રહેલા યુવાનોને અક્ષય કુમારે મહત્ત્વપૂર્ણ સલાહ આપી છે. તેમણ કહ્યું કે, 'નવા કલાકારોએ તેમના કરિયરની શરૂઆતમાં ત્રણ ફિલ્મોના કરાર પર હસ્તાક્ષર કરવાનું ટાળવું જોઈએ. તેમણે આર્યન ખાનની વેબ સિરીઝ, **The Bads of Bollywood**નો ઉલ્લેખ કરીને કરણ જોહર પર પણ કટાક્ષ કર્યો.અક્ષય કુમારે **70**માં ફિલ્મફેર એવોર્ડના સ્ટેજ પરથી કહ્યું કે, શાહરુખ ખાન, જે આ ઈવેન્ટને હોસ્ટ કરી રહ્યા હતા, તેમણે અક્ષયને યંગસ્ટર્સ માટે કોઈ ટિપ્સ આપવા માટે કહ્યુ, ત્યારે અક્ષયે કહ્યું કે, 'હું દરેક ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આવતાં નવા કલાકારોને એક જ સલાહ આપવા માંગુ છું: ક્યારેય પણ કોઈ નિર્માતા સાથે ત્રણ ફિલ્મો પર કરાર ન કરો. તમે **'The Bads of Bollywood'** જોઈ હશે અને સમજી ગયા હશો કે તેમાં હીરોને કઈ કઈ વસ્તુમાંથી પસાર થવું પડે છે. આ શો સ્પષ્ટ કરે છે કે, ફિલ્મોમાં ડેબ્યુ કરતાં કલાકારે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ!'આદિત્ય ચોપરાની યશરાજ ફિલ્મસ અને કરણ જોહરની ધર્મા પ્રોડક્શને નવા કલાકારોને ત્રણ ફિલ્મોની પર ડિલ પર સાઈન કરવાનું કહેવામા આવે છે. આ કરાર પર સાઈન કર્યા બાદ એક્ટર્સ જ્યા સુધી આ ત્રણ ફિલ્મો પુરી ન કરી લે, ત્યા સુધી કોઈ બીજા પ્રોજેક્ટ અથવા પ્રોડ્યુસરની સાથે કામ નથી કરી શકતો.

### અલી ફઝલ સાથે શૂટિંગ કરી રહેલા સચિવજી નવા અંદાજમાં દેખાશે

# મિર્ઝાપુર ફિલ્મમાં વિક્રાંત મેસ્સીનું સ્થાન જિતેન્દ્ર કુમાર લેશે

એક્ટર અલી ફઝલ હાલ જેની ઘણી રાહ જોવાઈ રહી છે એવી ફિલ્મ 'મિર્ઝાપુર'નું શૂટિંગ કરી રહ્યો છે, જેમાં કે ફરી એક વખત ગુડ્ડુ પંડિતના રોલમાં જોવા મળશે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાનના કેટલાંક ફોટો અને વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેમાં અલી ફઝલ સાથે જિતેન્દ્ર કુમારને જોઈ શકાય છે. તેને જોઈને ઘણા ફેન્સ ખુશ થઈ ગયા છે. તો તે વિક્રાંત મેસ્સીને રિપ્લેસ કરી રહ્યો હોવાની પણ ચર્ચા છે. આ ફિલ્મમાં જિતેન્દ્ર બબલુ પંડિતનો રોલ કરવાનો હોવાની ચર્ચા છે. એક વાયરલ વીડિયોમાં ગુડ્ડુ પંડિત મરુન ટીશર્ટમાં બોડી બનાવીને મસ્તી કરી રહ્યો છે તેની સાથે જિતેન્દ્ર પણ ટીશર્ટ પહેરેલો દેખાય છે, તે ગુડ્ડુ પંડિત સાથે વાત કરી રહ્યો છે. આ સિવાયના એક વીડિયોમાં શ્વેતા ત્રિપાઠી પણ દેખાય છે,






જે એક રિક્ષામાં બેસી રહી છે. પંચાયતના સચિવજીને બબલુ પંડિત તરીકે જોઈને તે વિક્રાંતને રિપ્લેસ કરવાનો હોવાની ચર્ચાઓ શરૂ થઈ છે, સિરીઝમાં તો બબલુ પંડિતની હત્યા થઈ ગઈ છે, પરંતુ ફિલ્મમાં તેનો રોલ કેવો હશે, તે અંગે પણ ઘણી અટકળો અને ચર્ચો થઈ રહી છે. તો કેટલાંક લોકો પંચાયતના ગભરુ અને શાંત સચિવજીને લોહિયાળ વાર્તા ધરાવતા મિર્ઝાપુરમાં બબલુ પંડિત કઈ રીતે બનશે તે જોવા માટે ઉત્સુક છે. ઘણા લોકોએ આ બાબતે સોશિયલ મીડિયા પર કમેન્ટ્સ કરી હતી. કોઈએ કહ્યું કે, "સચિવજીથી કેટ ક્લીયર ન થઈ તો ગુંડાગર્દી પર આવી ગયા. હવે ફુલેરામાં પણ તાંડવ થશે."ગયા વર્ષે આ હિટ વેબ સિરીઝના મેકર્સ દ્વારા મિર્ઝાપુર ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પંકજ ત્રિપાઠી, અલી ફઝલ અને દિવ્યેંદુ શર્મા તેમના પાત્રો કાલીન ભૈયા, ગુડ્ડુ પંડિત અને મુન્ના ભૈયાના રોલમાં જોવા મળશે. અભિષેક બેનર્જી પણ કમ્પાઉન્ડરના રોલમાં અને શ્વેતા ત્રિપાઠી ગોલુના રોલમાં ફરી જોવા મળશે. આ મૂળ સિરીઝની ત્રણ સીઝન પહેલાં આવી ચુકી છે.

# સૈયારા એક્ટ્રેસ અનિત પડ્ડાનું પહેલું રેમ્પ વોક કર્યું

### અભિનેત્રી અનિત પદ્દા લેક્મે ફેશન વીક ઇવેન્ટના ગ્રાન્ડ ફિનાલેના ઉદઘાટન માટે શોસ્ટોપર બની હતી

સૈયારા મુવીથી ડેબ્યુ કરી જાણીતી બનેલી અનિત પડ્ડા હાલ રેમ્પ વોક કરતી જોવા મળી છે. હાલમાં લેક્મે ફેશન વીક ચાલી રહ્યું છે, અને અભિનેત્રી અનિતા પદ્દાએ ગ્રાન્ડ ફિનાલેમાં હાજરી આપી હતી. ફિનાલેની શરૂઆતમાં, અભિનેત્રીએ પહેલીવાર રેમ્પ વોક કર્યું અને હાજર રહેલા બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સૈયારા મુવી એક્ટ્રેસ અનિત પડ્ડાનો ફેશન વીકમાં રેમ્પ વોક કરતો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ચાલો વીડિયો જોઈએ. વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં અભિનેત્રી અનિત પદ્દા રેમ્પ વોક કરતી જોવા મળી રહી છે. આ વીડિયોમાં, અભિનેત્રી ચમકતો ગાઉન પહેરેલી જોવા મળી રહી છે, જે તેના લુકને



વધુ નિખારે છે. અંતે, રેમ્પ વોક છોડતી વખતે, અભિનેત્રીએ તેના ચાહકોને ફ્લાઈંગ કિસ આપી. તેના ચહેરા પરનું હળવું સ્મિત તેને ખૂબ જ આકર્ષક બનાવી રહ્યું હતું.વાયરલ વીડિયો અનુસાર, અભિનેત્રી અનિત પદ્દા લેક્મે ફેશન વીક ઈવેન્ટના ગ્રાન્ડ ફિનાલેના ઉદઘાટન માટે શોસ્ટોપર બની હતી. નેટીઝન્સ અભિનેત્રીની શૈલીને ખૂબ પસંદ કરી રહ્યા છે.વીડિયો સામે આવતાની સાથે જ નેટીઝન્સ તરફથી પ્રતિક્રિયાઓ આવવા લાગી. એક યુઝરે કહ્યું, "આ તેનું પહેલું રેમ્પ વોક હતું. તે ખરેખર નર્વસ હતી, પરંતુ તેમ છતાં તેણે તે ખૂબ જ સારી રીતે કર્યું, અન્ય અભિનેત્રીઓ કરતા વધુ સારું. આપણે તેના આત્મવિશ્વાસને બિરદાવવો જોઈએ." બીજા યુઝરે લખ્યું, "તેણીએ ખૂબ સારું કર્યું, કારણ કે આ તેનું પહેલું રેમ્પ વોક હતું." અન્ય યુઝર્સે કહ્યું, "રનવે પર અદભુત ડેબ્યૂ."અનિત પડ્ડા એ તાજેતરમાં ફિલ્મ 'સૈય્યારા'થી પોતાની સિનેમેટિક કારકિર્દીની શરૂઆત કરી હતી. આ ફિલ્મે તેને રાતોરાત સ્ટાર બનાવી દીધી હતી. હવે તે આવનારા સમયમાં ઘણી ફિલ્મોમાં જોવા મળી શકે છે.

# વિકાસ સપ્તાહ, દસ્ક્રોઈના જેતલપુરમાં પ્રાંત અધિકારીશ્રીની ઉપસ્થિતિમાં ‘રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૫’ની ભવ્ય ઉજવણી

## તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવમાં યોજનાકીય સહાય વિતરણ અને સ્વચ્છતા માટે ઈ-રીક્ષાનું વિતરણ કરાયું



| (માહિતી) અમદાવાદ, તા.૧૪ |

વિકાસ સપ્તાહ અંતર્ગત અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના જેતલપુર ગામે આવેલ જડાબા હોલ ખાતે દસ્ક્રોઈ તાલુકા પંચાયત અને કૃષિ વિભાગના સંકલનથી દસ્ક્રોઈ પ્રાંત અધિકારી શ્રી તેજસ ચૌધરીના અધ્યક્ષ સ્થાને તાલુકા કક્ષાનો ‘રવિ કૃષિ મહોત્સવ’ ઉત્સાહ અને ઉમંગભેર ઉજવાયો હતો. પ્રાંત અધિકારીશ્રી તેજસ ચૌધરીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ખેડૂત આપણા દેશની આર્થિક રીડ છે, અને સરકાર તેમની સમૃદ્ધિ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી રહી છે. પ્રાકૃતિક ખેતી અને ટેકનોલોજી આધારિત ખેતીનો સંયોજન ખેડૂતોને આત્મનિર્ભર બનાવશે.આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને આધુનિક ખેતીની ટેકનોલોજી, પ્રાકૃતિક ખેતીના ફાયદા અને સરકાર દ્વારા ખેડૂતોના હિત માટે અમલમાં મુકવામાં આવેલી વિવિધ યોજનાઓ અંગે માહિતી પૂરી પ ડવાનો હતો. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ મળનારી સહાય વિતરણ કરવામાં આવી હતી. સાથે જ પ્રાકૃતિક ખેતી કરતા આગેવાન અને પ્રેરણાદાયી ખેડૂતોને સન્માનિત કરીને અન્ય ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવ્યું. વધુમાં, કાર્યક્રમમાં કૃષિ વિભાગ, પશુપાલન વિભાગ, માછીમારી વિભાગ, સહકારી ક્ષેત્ર અને ખાનગી સંસ્થાઓ સહિત કુલ ૧૫ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ ગુજરાતના ખેડૂતોની ચિંતા કરીને તેમના જીવનને સધ્ધર અને સમૃદ્ધ બનાવવાના ઉદ્દેશ સાથ કૃષિ મહોત્સવની શરૂઆત કરી :- ધારાસભ્ય શ્રી હાર્દિક પટેલ

# આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતેથી રવિ કૃષિ મહોત્સવ - ૨૦૨૫નો શુભારંભ થયો

## વિરમગામમાં સરકારની વિવિધ યોજનાના લાભાર્થીઓનું સન્માન, સહાય, મંજૂરીપત્રોનું વિતરણ તેમજ ખેડૂતોને રવી પાક વિશે, શ્રી અન્ન (મિલેટ્સ), પ્રાકૃતિક ખેતી, નવીનતમ ટેકનોલોજી અંગે માહિતી અપાઈ

| (માહિતી) અમદાવાદ, તા.૧૪ |

ખેડૂતોને રવી સીઝનમાં રવી પાક વિશે તેમજ આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન અને ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે હેતુસર રાજ્યભરમાં બે દિવસીય રવી કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે ત્યારે અમદાવાદ જિલ્લાકક્ષાનો વિરમગામના ગુજરાત રાજ્ય બીજ નિગમ ગોડાઉન ખાતે આયોજિત રવિ કૃષિ મહોત્સવનો આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે શુભારંભ થયો છે. આ અવસરે વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી તાંત્રીકતા ખેડૂતો સુધી પહોંચાડવા, વૈજ્ઞાનિકો દ્વારા સીધુ ખેડૂતોને માર્ગદર્શન આપવા, ખેતી ખર્ચ ઘટાડવા, આવક વધારવા જેવા ઉદ્દેશો સાથે વર્ષ ૨૦૦૫-૦૬ માં કૃષિ મહોત્સવ શરૂ કરવામાં આવ્યો હતો. આ કૃષિ મહોત્સવ થકી આધુનિક સમયમાં આધુનિક ખેતી સાથે ખેડૂતોને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના અવિરત વિકાસ થકી ગુજરાત રાજય એ સમગ્ર દેશમાં એક આગવી ઓળખ ઉભી કરી છે. આજે રાજય દેશના વિકસીત અને મજબૂત ઉભરતા રાજય તરીકેની સિધ્ધિ હાંસલ કરી દેશના બાકીના રાજયો માટે દીવા દાંડીરૂપ બન્યુ છે. તેમણે વધુમાં કહ્યું કે, ખેડૂતોને તમામ પ્રકારના લાભો મળે અને તેમની આવક બમણી થાય તે દિશામાં સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્ય સરકાર દ્વારા પાણી , વીજળી તેમજ ગુણવત્તા યુક્ત સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. આ અવસરે ડ્રોન ટેક્નોલોજીની વાત કરતા મંત્રી શ્રીએ ઉમેર્યું કે, કૃષિ પાકોમાં છંટકાવ માટે ડ્રોન ટેકનોલોજીનો વધુનો વધુ વપરાશ વધે એ માટે ભારત સરકારશ દ્વારા “ડ્રોન દીદી” યોજના શરૂ કરવામાં





આવી છે. આ યોજના અંતર્ગત મહિલાઓના સશક્તિકરણ સાથે સ્વરોજગારી વધે તે તેનો મુખ્ય ઉદ્દેશ છે. આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવતા થાય તે માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ બહાર પાડવામાં આવી છે. અને આત્મા પ્રોજેક્ટ થકી ખેડૂતો માટે તાલીમોનું પણ આયોજન કરવામાં આવે છે. ખેડૂતોને મળતી વિવિધ સહાય સીધી તેઓના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. જેના પરિણામે ખેડૂતોને આર્થિક ફાયદો થયો છે. આ પ્રસંગે વિરમગામના ધારાસભ્ય શ્રી હાર્દિકભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યના વિકાસ વર્ષની ઉજવણી ચાલી રહી છે તેના ભાગરૂપે આ કૃષિ મહોત્સવનું આયોજન થઈ

# જનરલ મેનેજર, પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ ડિવિઝનના બે કર્મચારીઓને સેફ્ટી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા



રેલવે સંરચનામાં સંરક્ષા સર્વોપરી છે અને તેને સુનિશ્ચિત કરવામાં દરેક કર્મચારીની તકેદારી અને તત્પરતા મહત્વપ ૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનના બે કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્ય અને સંરક્ષા પ્રત્યેના સમર્પણ બદલ સંરક્ષા પ ુરસ્કારોથી સન્માનિત કર્યા. આ પુરસ્કારો સપ્ટેમ્બર ૨૦૨૫ માં ફરજ દરમિયાન સતર્કતા દર્શાવવા અને શક્ય અકસ્માતોને સમયસર ટાળવામાં મહત્વપ ૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આપવામાં આવ્યા. તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સ્ટેશન માસ્ટર શ્રી અજય કુમાર જૈસવાલ સાબરમતી સ્ટેશન પર રાત્રે ૨૨:૦૦ થી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધીની શિફ્ટમાં ફરજ પર હતા. જ્યારે ટ્રેન ૦૪:૫૦ વાગ્યે સ્ટેશનથી પ સાર થઈ રહી હતી, ઓલરાઈટ એક્સચેન્જ દરમિયાન શ્રી જૈસવાલે ટ્રેનના પાછળના લોકોમોટિવ નંબર ૭૦૫૭૨ માં આગની જ્વાળાઓ જોઈ. તેઓએ તાત્કાલિક પોતાની સતર્કતાનો પ રિચય બતાવી લોકો પાઈલટને ખતરાનો લાલ સંકેત બતાવ્યો, જેના પરિણામસ્વરૂપ લોકો પ ાઈલટે ડાઉન સ્ટાર્ટર ૫-૩૯ થી પહેલા ટ્રેનને રોકી દીધી. તપાસ કરતાં જાણવા મળ્યું કે બ્રેક બ્લોક જામ થઈ ગયો હતો જેના કારણે વધુ પડતી ગરમીને કારણે આગ લાગી હતી. લોકો પાઈલટ દ્વારા બ્રેક બ્લોક છોડીને પરિસ્થિતિને કાબુમાં લીધી અને સવારે ૫:૧૫ વાગ્યે લોકોમોટિવને ફિટ જાહેર કરવામાં આવ્યું. શ્રી જૈસવાલની સમયસર કાર્યવાહી અને સતર્કતાને કારણે સંભવિત અકસ્માત ટાળી શકાયો અને મુસાફરોની સંરક્ષા સુનિશ્ચિત થઈ. તેવી જ રીતે, શ્રી અરવિંદ પટેલ, જે ભૂતપૂર્વ સૈનિક છે, પાલનપુર સેક્શનમાં લેવલ ક્રોસિંગ ગેટ નંબર ૩૧, ૩૫ અને ૩૬ પર આરજી ગેટમેન તરીકે કાર્યરત છે. તારીખ ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ તેઓ લેવલ ક્રોસિંગ નંબર ૩૫ ‘સી’ પર ફરજ પર હતા.તે જ સમયે, પાલનપુર-ભિલડી સેક્શનમાં અપ લાઈન પર માલગાડી ૧૬:૨૨ વાગ્યે ફાટક પરથી પસાર થઈ. ગાડીના બે ભારે ટ્રેનના ભાગો તૂટી ગયા અને લટકી ગયા અને લેવલ ક્રોસિંગના ચેકરેલમાં લગાવેલા લાકડાના બ્લોક સાથે અથડાયા પછી ફાટક પર પડી ગયા. શ્રી પટેલે તાત્કાલિક સતર્કતા દાખવી અને સિનિયર સેક્શન એન્જિનિયર (રેલપ થ) ઈન્ચાર્જ શ્રી શિવરાજસિંહને જાણ કરી. ત્યારબાદ તેમણે આ માહિતી કંટ્રોલ, TI-PNU y™u BLDI, DEN (N) ADI, y™u ADEN-PNU ને પહોંચાડી. ચંડીસર સ્ટેશન પર ટ્રેનને રોકાવીને C&W વિભાગ દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું. જેમાં ખામીયુક્ત કોચને અલગ કરી ટ્રેનને સુરક્ષિત રીતે આગળ જવા દેવામાં આવી. શ્રી અરવિંદ પટેલની ત્વરિત માહિતી અને સતર્કતાને કારણે, શક્ય અકસ્માત સમયસર અટકાવી શકાયો. પશ્ચિમ રેલવેને પોતાના કર્તવ્યનિષ્ઠ અને સતર્ક કર્મચારીઓ પર ગર્વ છે, જેઓ તેમના સમર્પણ, શિસ્ત અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતાથી રેલવેની સંરક્ષા સંસ્કૃતિને મજબૂત બનાવે છે.

# ધારાસભ્ય મહેશ ભૂરીયાના અધ્યક્ષ સ્થાને એ.પી.એમ.સી ખાતે કૃષિ વિકાસ દિવસ તેમજ રવિ કૃષિ મહોત્સવ ઉજવાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ |

ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાના અધ્યક્ષ સ્થાને વિકાસ સપ્તાહ અંતર્ગત કૃષિ વિકાસ દિવસ તેમજ રવિ કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જનસેવા યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતભરમાં તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન ‘વિકાસ સપ્તાહ’ની વિવિધ થીમ આધારિત ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીમાં તા. ૧૪ ઓક્ટોબરના દિવસને “કૃષિ વિકાસ દિન” તરીકે ઉજવવામાં આવ્યો હતો. . જે અંતર્ગત ઝાલોદના ધારાસભ્ય મહેશ ભૂરીયાના અધ્યક્ષ સ્થાને એ.પી.એમ.સીના પટાંગણમાં કૃષિ વિકાસ દિવસ તેમજ રવિ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યો. આજરોજ વિકાસ સપ્તાહ અંતર્ગત યોજાયેલ કૃષિ વિકાસ દિન અને રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૫ અંતર્ગત ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયા દ્વારા ગૌ પૂજા કરવામાં આવી હતી ત્યારબાદ દિપ પ્રાગટ્ય કરી પ્રોગ્રામની શરૂઆત કરવામાં આવી હતી. આમંત્રિત મુખ્ય મહેમાન ધારાસભ્ય મહેશ ભૂરીયા સહિત સહુ મહાનુભાવોનુ સ્વાગત પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી કરવામાં આવ્યું હતું. પ્રોગ્રામમાં આગળ વધતા ચૌહાણભાઈ દ્વારા આધુનિક ખેતી વિશે માહિતી આપવામાં આવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના લાઈવ કવરેજ પ્રોગ્રામને ઉપસ્થિત રહેલ સહુ કોઈએ નિહાળ્યું હતું. ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાએ આજના પ્રોગ્રામ અંતર્ગત માહિતી આપતા કહ્યું હતું કે ભાજપના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શુંશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થતાં ૨૬૯ તાલુકાઓમાં એક સાથે આ પ્રોગ્રામ યોજાઈ રહેલ છે. ભાજપ સરકાર દ્વારા જન કલ્યાણના પ્રોગ્રામ તેમજ વિવિધ યોજનાઓ વિશે માહિતી વિકાસ સપ્તાહ દરમ્યાન આપવામાં આવી રહેલ છે. રાજ્યમા ૨૧ કૃષિ મહોત્સવ યોજાયેલ છે તેમાં લાખો લોકોએ ભાગ લઈ સરકારી યોજનાઓનો લાભ લીધેલ છે. ખેતી કેવી રીતે કરવી, કેવા બિયારણ વાપરવા તે વિશે ઉંડાણમાં સમજ પણ આપી હતી. આ ઉપરાંત કૃષિ, બાગાયત અને પ શુપાલન ખાતાની વિવિધ યોજનાઓ વિશે પણ માહિતી આપી હતી. ખેડૂતોને તેમના વિસ્તારમાં અલગ અલગ ઋતુઓમા વાવેતર કરવાના થતા પાકો અંગે તકનીકી માર્ગદર્શન ઉપરાંત બાગાયત પાકો માટે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આજના પ્રોગ્રામમાં વિવિધ યોજનાઓ હેઠળ આર્થિક સહાયના મંજૂરી પત્રો અને સહાયના હુકમોનુ વિતરણ કરવામાં આવ્યું હતું. છેલ્લે નશા મુક્ત ભારત દેશ રહે તે માટે ઉપસ્થિત મહાનુભાવો સહિત ઉપસ્થિત સહુ લોકોએ પ્રતિજ્ઞા લીધી હતી અને ભારત સરકાર દ્વારા વિવિધ યોજના અંતર્ગત મુકાયેલ સ્ટોલનુ નિરીક્ષણ કરી મુલાકાત કરવામાં આવી હતી. આજનો પ્રોગ્રામ ધારાસભ્ય મહેશ ભૂરીયાની અધ્યક્ષતામા યોજાયો હતો તેમજ મુખ્ય મહેમાન તાલુકા પંચાયત પ્રમુખ સુમિત્રાબેન વસૈયા હાજર રહેલ હતા. પ્રાંત અધિકારી અજય ભાટીયા, મામલતદાર શૈલેન્દ્ર પરમાર, ટી.ડી.ઓ કલ્પ ેશ ગઢવી , જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, નગરપાલિકા

# દેવગઢ બારીઆ તાલુકાના શિંગેડી ગાની પ્રાથમિક શાળામા નાના ભૂલકાઓ પાસે સફાઈ કરાવતા શિક્ષકો



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

| (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૪ |

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારિઆ તાલુકા ના શિંગેડી ગામ ના કુવા ફળિયા મા આવેલ પ્રાથમિક શાળા ના શિક્ષકો દ્વારા શાળા મા આવતા ભણવા માટે નાના વિધાર્થીઓ પાસે શાળા ની સાફ સફાઈ કરાવી વાલીઓ પોતાના સંતાનો ને શિક્ષણ મળે તે હેતુ થી શાળા મા ભણવા મોકલતા હોય છે જેથી શિક્ષણ મેળવી ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે વાલીઓ તેમના સંતાનોને શાળામાં મોકલે છે પણ દેવગઢ બારીયા તાલુકાના સીંગેડી ગામ મા આવેલી કૂવા ફળિયાની પ્રાથમિક શાળામાં વિદ્યાથીઓ હાથમાં નોટ પેન ચોપડીઓ ના બદલે ઝાડું પકડીને સફાઈ કરી રહ્યા છે વિદ્યાથીઓના હાથમાં પુસ્તક ના બદલે હાથમાં ડોલ સાવરણી વગેરે જોવા મળી રહ્યા છે ત્યારે આ દ્રશ્યો જોઈ વાલી ઓ પણ પોતા ના બાળકો ને શાળા મા સાફ સફાઈ કરતા ચોંકી ઉઠશે વીડિયોને લઈ ઘણા સવાલ ઉભા થઇ રહ્યા છે ગુજરાતમાં શિક્ષણ શું આ રીતે આગળ વધશે તેવા સવાલ પણ ચર્ચાઇ રહ્યો છે આ બાબત મા શાળા ના જવાબદાર શિક્ષકો સામે પગલાં કડક મા કડક ભરાય..

# ઝાલોદ તાલુકાના ઠુંઠી ચાર રસ્તા હાઇવે પર થી ટ્રક માંથી ૩૩,૭૬,૫૯૩ રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો : બે વ્યક્તિઓની અટકાયત કરાઈ

| (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૪ |

ઝાલોદ પોલિસ દ્વારા દિવાળીના તહેવારોને અનુલક્ષી મધ્યપ્રદેશ અને રાજસ્થાનને જોડતી ગુજરાત બોર્ડર વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો નજર રાખી પકડી પાડવા ડી.વાય. એસ.પી ડી.આર.પટેલના માર્ગદર્શન હેઠળ કડક રાહે ચેકિંગ હાથ ધરેલ હતી. ઝાલોદ નગરના પી.આઈ રવિ ગામીતની સૂચના મુજબ પ ીએસઆઈ સી.કે.સીસોદીયા તેમજ પીએસઆઈ આર.વી.રાઠોડ સહિત પોલિસ સ્ટાફને બાતમી મળેલ હતી કે ટ્રક નંબર પ્ત્ન-૧૬-ઉ-૧૨૫૨ ઈંગ્લીશ દારૂ ભરીને ધાવડીયા ગામના અંદરના રસ્તે થઈ ઝાલોદ થી દાહોદ જતા બાંસવાડા રોડ પર આવનાર છે તે સંદર્ભે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ચેકીંગ હાથ ધરેલ હતું. બાતમી વાળું ટ્રક આવતા પોલિસ દ્વારા ટ્રક રોકી ટ્રક ડ્રાઈવર કેતન



બાબુ પારગી ( ફુલપુરી , ગાંગડતલાઈ ) તેમજ ટ્રકના ક્લિનર અનિલ હરલાલ કટારા ( ફુલપ ુરી ,ગાંગડતલાઈ ) ની અટકાયત કરી હતી. પ ોલિસ દ્વારા ટ્રક ચેક કરતા ડાંગરના ભૂંસુ ભરેલ થેલા જોવા મળેલ હતા. ડાંગરના ભૂંસુ ભરેલ થેલા હટાવી જોતા પોલિસને વિદેશી દારૂની પેટી મળી આવેલ હતી. પોલિસને ટ્રક માંથી વિદેશી દારૂની ૩૧૪ પેટી જેમાં ૧૦,૭૫૨ નંગ વિદેશી દારૂની બોટલ જેની અંદાજિત કિંમત ૩૩,૭૬,૫૯૩ અને ટ્રકની કીમત ૧૦,૦૦,૦૦૦ અને મોબાઈલ ૧૦,૦૦૦ મળી કુલ ૪૩,૮૬,૫૯૩ નો મુદ્દામાલ ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળેલ હતી.

# જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી કંચનબા વાઘેલાની ઉપસ્થિતિમાં માંડલ ખાતે રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫ની ઉજવણી

## ‘કૃષિ વિકાસ દિન-૨૦૨૫ અને રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫’ અંતર્ગત ખેડૂતોને આધુનિક કૃષિ ટેકનોલોજી અને સહાય યોજનાઓનું માર્ગદર્શન અપાયું

| (માહિતી) અમદાવાદ, તા.૧૪ |

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી કંચનબા વાઘેલાની ઉપસ્થિતિમાં અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે ‘કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ-૨૦૨૫’ની ઉજવણી કરવામાં આવી હતી. માંડલમાં ઉમિયાવાડી, મેઘમણી કેમ્પસ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં માંડલ અને આસપાસના તાલુકાના ગામોમાંથી સહભાગી થયેલા ખેડૂતોને રવિ પાકો વિશે આધુનિક કૃ ષિ તાંત્રિકતા અંગે માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આણંદથી પધારેલા કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ખેડૂતોને રવિ પ ાકોની નવી ટેકનોલોજી અને ખેતીની પદ્ધતિઓ વિશે ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેને પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના સફળ અનુભવો રજૂ કરીને વધુ અસરકારક બનાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને લાખો રૂપિયાના યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપ રાંત, બેસ્ટ ફાર્મર એવોર્ડ (આત્મા) હેઠળ ૩ ખેડૂતોને પ્રમાણપત્ર અને કેશ એવોર્ડનું વિતરણ તથા માતા યશોદા એવોર્ડ હેઠળ ૨ લાભાર્થીઓને કેશ એવોર્ડ અને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ૫ લાભાર્થીઓને પોષણ સંગમ કીટનું પણ આ પ્રસંગે વિતરણ કરવામાં આવ્યું હતું. આ રવિ કૃષિ મહોત્સવમાં વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓ દ્વારા કૃષિ સંબંધિત માહિતી અને નવીનતા દર્શાવતા સ્ટોલ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા મિલેટ્સ પાકના લાઈવ સ્પેસીમેન અને તેની મૂલ્યવર્ધિત બનાવટો, આઈ. સી.ડી.એસ. શાખા, માંડલ દ્વારા મિલેટ્સની વિવિધ વાનગીઓનું પ્રદર્શન, બાગાયત વિભાગ દ્વારા યોજનાકીય માહિતી, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ચણા, તુવેર, બાજરીના ઉત્પાદનોના સ્ટોલ અને ઈફકો લિ. દ્વારા ખાતરો અને અન્ય કૃષિ સામગ્રીના સ્ટોલ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. માનનીય મહાનુભાવોએ ખેડૂતોને સરકારની યોજનાઓનો મહત્તમ લાભ લેવા અને આધુનિક પદ્ધતિઓ અપનાવીને પોતાની આવક વધારવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.





## ભારે કરી! વાયુસેનાના નિવૃત જવાને મોતનું નાટક કર્યું



**। (એજન્સી) ગયાજી, તા.૧૪ ।**

બિહારના ગયાજીમાંથી એક અનોખો કિસ્સો શનિવારે જોવા મળ્યો હતો, જ્યાં એક ભૂતપૂર્વ વાયુસેનાના જવાને જીવિત રહેતા પોતાની અંતિમ યાત્રા કાઢી હતી. બેન્ડવાજા અને રામ નામ સત્ય હૈની ગૂંજ સાથે ફૂલમાળાથી સજાવેલી અર્થી પર સૂતેલા શખ્સને લોકો સ્મશાન સુધી લઈ ગયા. સાથે ચલ ઉડ જા રે પંછી, અબ દેશ હુઆ બેગાનાની ધૂન વાગી રહી હતી.

આ કિસ્સો ગયાજી જિલ્લાના ગુરારુ તાલુકાના કોંચી ગામનો છે. અહીં વાયુસેનામાંથી નિવૃત થયેલા જવાન મોહનલાલે જીવિત રહેતા પોતાની અંતિમ યાત્રા કાઢી હતી, જેની ચર્ચા આગની માફક ફેલાઈ ગઈ. ગામના અસંખ્ય લોકો આ અનોખી યાત્રામાં જોડાયા હતા. મુક્તિધામ પહોંચ્યા બાદ તેમના પ્રતિકાત્મક પૂતળાને સળગાવ્યું અને સામૂહિક ભોજનું આયોજન પણ કરવામાં આવ્યું.

મોહનલાલે આ ઘટના બાદ જણાવ્યું કે, તેઓ જોવા માગતા હતા કે તેમની અંતિમ યાત્રામાં કોણ કોણ આવે છે. તેમણે કહ્યું કે મર્યા બાદ લોકો અર્થી ઉઠાવે છે, પણ હું ઈચ્છતો હતો કે આ દ્રશ્ય હું ખુદ જોઉં અને જાણી શકું કે લોકો મને કેટલું સન્માન અને સ્નેહ આપે છે.

વરસાદના દિવસોમાં અહીં અંતિમસંસ્કાર કરવામાં ભારે તકલીફને જોતા મોહનલાલે પોતાના ખર્ચે ગામમાં સુવિધાથી સજ્જ મુક્તિધામ બનાવી આપ્યું. ગામલોકોએ કહ્યું કે, મોહનલાલનું આ પગલું આખા વિસ્તારમાં પ્રેરણાસ્ત્રોત છે. તે લાંબા સમયથી સમાજસેવા સાથે જોડાયેલા છે. સાથે જ સર્વોદય ઉચ્ચ વિદ્યાલય ગુરારુમાં અભ્યાસ કર્યા બાદ ગયામાં આગળનો અભ્યાસ કર્યો.

મોહનલાલને બે દીકરા છે, જેમાં એક દીકરો ડો. દીપક કુમાર કોલકાત્તામાં ડોક્ટર છે અને બીજો દીકરો પ્રકાશ ૧૦ પ્લસ ટૂ વિદ્યાલયમાં છે. એક છોકરી ગુડિયા કુમારી છે.

### ભારત સામે રમી શકું તે માટે મેં કાંડાની ઇજાની સર્જરી કરાવી લીધી છેઃ મેક્સવેલ

# ભારત સામેની ટીર૦ સિરીઝમાં પુનરાગમન કરવા મેક્સવેલ આશાવાદી

### ભારત સામેની પાંચ મેચની ટીર૦ સિરીઝની પ્રથમ બે મેચ માટેની કાંગારું ટીમની જાહેરાત થઈ તેમાં મેક્સવેલને સામેલ કરાયો નથી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

ઓસ્ટ્રેલિયાનો ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ આ મહિને પ્રવાસી ભારત સામે રમાનારી ટી૨૦ ક્રિકેટ મેચની સિરીઝમાં પુનરાગમન કરવા અંગે આશાવાદી છે. ગ્લેન મેક્સવેલે તેના જમણા હાથના કાંડાની સર્જરી કરાવી હતી અને કેટલાક સમયથી તે ટીમની બહાર છે. ભારતીય ટીમ આવતા સપ્તાહે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરનારી છે જેમાં ત્રણ વન-ડે અને પાંચ ટી૨૦ મેચની સિરીઝ રમાશે. ૧૯મી ઓક્ટોબરથી ત્રણ મેચની વન-ડે સિરીઝ રમાયા બાદ બંને ટીમ ૨૯મીથી પાંચ મેચની ટી૨૦ સિરીઝમાં આમને સામને થશે. મેક્સવેલને આ સિરીઝની છેલ્લી કેટલીક મેચ અગાઉ પુનરાગમન કરવાની અપેક્ષા છે.૩૬ વર્ષીય મેક્સવેલ ગયા મહિને ઓસ્ટ્રેલિયા માટે ટી૨૦ રમવા ન્યૂઝીલેન્ડ ગયો હતો પરંતુ મેચ શરૂ થાય તે અગાઉ પ્રેક્ટિસ દરમિયાન તેના



સાથી ખેલાડી મિચેલ ઓવને ફટકારેલા શોટમાં તેના હાથે ઈજા થઈ હતી. આમ તે એક પણ મેચ રમ્યા વિના જ વતન પરત ફરી ગયો હતો. આગામી બિગ બેશમાં તે મેલબોર્નની ટીમ માટે રમવાનો છે. ટીમની કિટના લોંચિગ પ્રસંગે મેકસવેલે જણાવ્યું હતું કે ગયા સપ્તાહે હાથની સર્જરી કરાવ્યા બાદ ભારત સામેની ટી૨૦ સિરીઝની કેટલીક મેચમાં રમવાની મને આશા જાગી છે. ત્યાં સુધીમાં હું ફિટ થઈ ગયો હોઈશ.ભારત સામેની પાંચ મેચની ટી૨૦ સિરીઝની પ્રથમ બે મેચ માટેની કાંગારું ટીમની જાહેરાત થઈ તેમાં મેક્સવેલને સામેલ કરાયો નથી. જોકે બાકીની ત્રણ મેચ માટે પોતાને સામેલ કરાય તે હેતુથી મેક્સવેલે તાજેતરમાં જ કાંડાની સર્જરી કરાવી હતી. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી, ચોથી અને પાંચમી ટી૨૦ મેચ બીજી, છઠ્ઠી અને આઠમી નવેમ્બરે અનુક્રમે હોબાર્ટ, ગોલ્ડ કોસ્ટ અને બ્રિસબેન ખાતે રમાશે.મેકસવેલે ઉમેર્યુ હતું કે સર્જરી કરાવવાનું એક માત્ર કારણ એ છે કે તેમણે મને વિકલ્પ આપ્યો હતો કે સર્જરી કરાવ્યા વિના આખી સિરીઝ ગુમાવવી અથવા તો સર્જરી કરાવીને કેટલીક મેચમાં રમવાની તક જાળવી રાખવી અને મેં બીજો વિકલ્પ પસંદ કર્યો હતો. જોકે આમ છતાં રમવાનું શક્ય નહીં બને તો હું આગામી બિગ બેશ ટી૨૦ લીગ માટે વહેલો સજ્જ થઈ ગયો હોઈશ અને તે માટે મને પર્યાપ્ત આરામ પણ મળી ગયો હશે તેમ ગ્લેન મેક્સવેલે ઉમેર્યુ હતું.

### ભારતને ૧૨૧ રનનું લક્ષ્ય

## વેસ્ટ ઈન્ડિઝ બીજી ઈનિંગમાં લડાયક બેટિંગ બાદ ઓલઆઉટ

**।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૪।**

નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બીજી ટેસ્ટ મેચમાં રોમાંચક અંત આવ્યો છે. ફોલો-ઓન મળવા છતાં વેસ્ટ ઈન્ડિઝની ટીમે બીજી ઈનિંગમાં સખત સંઘર્ષ દર્શાવ્યો હતો, પરંતુ આખરે ટીમ ઈન્ડિયાએ તેમને ૩૯૦ રનમાં ઓલઆઉટ કરીને મેચ જીતવા માટે માત્ર ૧૨૧ રનનો ટાર્ગેટ આપ્યો છે. ભારતે પ્રથમ દાવમાં ૫૧૮/૫ (ડિકલેર) નો મોટો સ્કોર બનાવ્યો હતો, જેના જવાબમાં વેસ્ટ ઈન્ડિઝ પ્રથમ ઈનિંગમાં માત્ર ૨૪૮ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ૨૭૦ રનની મોટી લીડ હોવા છતાં, ભારતીય કેપ્ટન શુભમન ગીલે વેસ્ટ ઈન્ડિઝને ફોલો-ઓન આપવાનો નિર્ણય કર્યો હતો. બીજી ઈનિંગ્સમાં વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોએ ગજબ પરફોર્મન્સ કર્યો હતો. ઓપનર જૉન કેમ્પબેલ (૧૧૫ રન) અને શાઈ હોપ (૧૦૩ રન)ની શાનદાર સદીને કારણે વેસ્ટ ઈન્ડિઝ મેચને ચોથા દિવસ સુધી ખેંચી શક્યું. આ ઉપરાંત, છેલ્લી વિકેટ માટે જસ્ટિન ગ્રિવ્સ અને જેડેન સીલ્સ વચ્ચેની ૭૯ રનની ભાગીદારીએ ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડીને ભારત પર ૧૨૦ રનની નજીવી લીડ મેળવી આપી. ચોથા દિવસની રમતમાં ભારતીય બોલરોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ચાઈનામેન સ્પિનર કુલદીપ યાદવએ તેના સ્પિનની જાળમાં વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોને ફસાવીને ટીમને બ્રેકથ્રુ અપાવ્યા હતા.


### ગાઝા સમર્થક બે સાંસદોની ટિંગાટોળી

# ટ્રમ્પના ભાષણ દરમિયાન ઇઝરાયલની સંસદમાં હોબાળો

**। (એજન્સી) જેરૂસાલેમ, તા.૧૪ ।**

બે વર્ષથી યુદ્ધ કરી રહેલી ઈઝરાયલ-હમાસ વચ્ચે શાંતિ સ્થાપનાર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલ પહોંચી ગયા હતા અને અહીં સંસદમાં ટ્રમ્પને સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યું છે. બીજીતરફ સંસદમાં ટ્રમ્પના ભાષણ વચ્ચે ભારે હોબાળો થયો હોવાના અહેવાલ સામે આવ્યા છે. ટ્રમ્પના ભાષણ દરમિયાન ગાઝા સમર્થક બે સાંસદે તેમનો ભારે વિરોધ કર્યો છે. સંસદમાં ભારે સૂત્રોચ્ચાર થતાં સંસદનો માહોલ ગંભીર બની ગયો હતો. જોકે સુરક્ષા કર્મચારીઓ વિરોધી સાંસદોને તુરંત સંસદમાંથી બહાર ધકેલી દીધા હતા. ઈઝરાયલ-હમાસના યુદ્ધ વચ્ચે ગાઝામાં ભારે સંકટમાં મૂકાયું હતું, જોકે ટ્રમ્પે બંને વચ્ચે શાંતિ સમજૂતી કરાવતા હવે ગાઝામાં શાંતિનો રસ્તો સાફ થઈ ગયો છે. ત્યારબાદ ટ્રમ્પ ઈઝરાયેલી સંસદમાં પહોંચ્યા હતા, જ્યાં ટ્રમ્પનું તાળીઓના ગડગડાટથી સ્વાગત કરાયું હતું. આ ઉપરાંત ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ ટ્રમ્પને શાંતિ પુરસ્કાર પણ આપ્યો હતો. જ્યારે ટ્રમ્પ સંસદ પહોંચ્યા હતા, ત્યારે સાંસદોએ તેમને અઢી મિનિટનું સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું.

વડાપ્રધાન નેતન્યાહૂએ ટ્રમ્પને ઈઝરાયલનો



સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર એનાયત કર્યો છે. આ પુરસ્કાર આપતી વખતે નેતન્યાહૂએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, અમેરિકાના રાષ્ટ્રપ્રમુખને શાંતિનો નોબેલ પુરસ્કાર ચોક્કસ મળશે. જોકે, આ વર્ષે ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર મળ્યો નથી. નેતન્યાહૂએ કહ્યું કે, શાંતિનો નોબેલ પુરસ્કાર ટ્રમ્પને જરૂર મળશે, ભલે તેમાં સમય લાગે.

ટ્રમ્પે સંસદમાં ગાઝા સમજૂતી અંગે મહત્ત્વનું ભાષણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'આજે ૨૦ બહાદુર બંધકો પાછા આવી રહ્યા છે. આજે બંદૂકો શાંત છે, સાયરન શાંત છે. આ સદભાવનાની શરુઆત છે. આ એક નવા મિડલ ઈસ્ટનો ઐતિહાસિક ઉદય છે. નેતન્યાહૂને પહોંચી વળવું સરળ નથી, પરંતુ આ જ બાબત તેમને મહાન બનાવે છે. આ ઈઝરાયલ અને વિશ્વ માટે એક મોટી જીત છે કે આ તમામ દેશો શાંતિ માટે ભાગીદાર તરીકે એકસાથે કામ કરી રહ્યા છે.' ટ્રમ્પે બંધકોની મુક્તિ માટે હમાસ પર દબાણ લાવવા એક થયેલા અરબ દેશો અને મુસ્લિમ નેતાઓનો આભાર માન્યો હતો.

સંસદમાં ટ્રમ્પની હાજરીમાં સંબોધન કરતાં નેતન્યાહૂએ કહ્યું કે, 'અમે સાત ઑક્ટોબરને યાદ રાખીશું અને તેને ક્યારેય નહીં ભૂલીએ. એ રાક્ષસો અમારા બાળકોને અમારાથી દૂર લઈ ગયા હતા. મિસ્ટર પ્રેસિડન્ટ ટ્રમ્પ સાથે મળીને આપણે શાંતિ હાંસલ કરીશું. અમે અબ્રાહમ સમજૂતી હેઠળ આ પહેલાં પણ કર્યું છે અને અમે ફરીથી કરીશું.

## રાહતોની સાથે જ ગાઝામાં પેલેસ્ટેનિયનોની વાપસી

### ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે બે વર્ષ લાંબા યુદ્ધનો વિરામ થતાં હવે ઈઝરાયેલના બંધકોને પણ મુક્ત કરવા તૈયારીઓ હાથ ધરાઈ

**। (એજન્સી) કૈરા, તા.૧૪।**

ગાઝામાં યુદ્ધવિરામના ત્રીજા દિવસે રવિવારે મદદકર્તા એજન્સીઓ નોંધપાત્ર પ્રમાણમાં રાહત પહોંચાડવા આગળ આવી હતી. શાંતિ કરારની ઘોષણા બાદ પેલેસ્ટેનિયનોની પણ ગાઝામાં વાપસી થઈ રહી છે. ઈઝરાયેલ અને ગાઝા વચ્ચે બે વર્ષ લાંબા યુદ્ધનો વિરામ થતાં હવે ઈઝરાયેલના બંધકોને પણ મુક્ત કરવા તૈયારીઓ હાથ ધરાઈ છે તેમજ ઈઝરાયેલમાં રહેલાં પેલેસ્ટેનિયન કેદીઓને ટૂંક સમયમાં મુક્ત કરાશે. ૯ ઓક્ટોબરના રોજ બંને પડોશી દેશોએ શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ યુદ્ધ વિરામનો જશ લેનારા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સોમવારે સવારે ઈઝરાયેલ પહોંચે તેવી અપેક્ષા છે. વ્હાઈટ હાઉસે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ તેઓ ઈઝરાયેલના બંધકોના પરિવારજનોને મળશે અને ઈઝરાયેલની સંસદ નેસેટમાં સંબોધન કરશે. ત્યારબાદ ટ્રમ્પ ઈજિપ્ત જશે જ્યાં તેઓ ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ-ફત્તાહ અલ-સિસ્સી સાથે શાંતિ પરિષદની સહ-અધ્યક્ષતા કરશે. આ પરિષદમાં કેટલાક પ્રાદેશિક તેમજ આંતરરાષ્ટ્રીય નેતાઓ પણ હાજર રહેશે. શાંતિ કરાર બાદ ઈઝરાયેલે ગાઝામાંથી તેનું લશ્કર પરત ખેંચતા હમાસ સંચાલિત ગૃહ મંત્રાલયે સંખ્યાબંધ પોલીસ તૈનાત કરી દીધી છે.

## બંધારણે ભારતને મજબૂત રાખ્યો, પડોશી દેશોમાં ઉથલપાથલઃ CJI

**। (એજન્સી) સિવની, તા.૧૪ ।**

ભારતના મુખ્ય ન્યાયાધીશ ભૂષણ ગવઈએ રવિવારે જણાવ્યું હતું કે પડોશી રાષ્ટ્રો હિંસક જનઆંદોલન અને ઉથલપાથલનો સામનો કરી રહ્યાં છે, પરંતુ ભારત મજબૂત અને એકજૂથ રહ્યો છે. તેનું શ્રેય ડૉ. બાબાસાહેબ આંબેડકરે બનાવેલા બંધારણને જાય છે. આપણું બંધારણ આપણને અશાંતિનો સામનો કરી રહેલા પડોશી દેશોથી અલગ પાડે છેમહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના મંદનગઢ તાલુકામાં કોર્ટ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યા પછી બોલતા CJIએ ખુશી વ્યક્ત કરી કે તે એવા વિસ્તારમાં બન્યું છે, જેમાં બંધારણના મુખ્ય શિલ્પી અને સુપ્રસિદ્ધ સમાજ સુધારક બાબાસાહેબ આંબેડકરનું વતન ગામ અંબાવડે પણ આવેલું છે. ન્યાયાધીશ ગવઈએ જણાવ્યું હતું કે યુદ્ધ અને શાંતિના સમયમાં દેશ એક રહ્યો છે અને વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યો છે. આપણે આંતરિક કટોકટી પણ જોઈ છે, પરંતુ આપણે મજબૂત અને એકજૂથ રહ્યાં છીએ. તે ડૉ. બાબાસાહેબ આંબેડકરના બંધારણને કારણે છે. આપણું બંધારણ આપણને અશાંતિનો સામનો કરી રહેલા પડોશી



દેશોથી અલગ પાડે છે. શ્રીલંકા, બાંગ્લાદેશ અને તાજેતરમાં નેપાળમાં જનઆંદોલનને સરકારો ઉથલાઈ ગઈ છે તેમજ રમખાણો અને આગચંપીના કારણે નાગરિકોને મોટા પાયે તકલીફ પડી છે. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા ૨૨ વર્ષોમાં ન્યાયાધીશ તરીકે મેં ન્યાયના વિકેન્દ્રીકરણની હંમેશા તરફેણ કરી છે અને અનેક ન્યાયિક માળખાગત પ્રોજેક્ટ્સ પૂર્ણ થાય તે સુનિશ્ચિત કર્યું છે. મને જે બાબત ખૂબ સંતોષ આપે છે તે છે કોલ્હાપુર સર્કિટ બેન્ચ (બોમ્બે હાઈકોર્ટની) અને આ મંડણગઢ કોર્ટ બિલ્ડિંગ, જે બે વર્ષમાં પૂર્ણ થઈ છે.

## એમ્બ્યુલન્સમાં લાઈફ સપોર્ટ સુવિધાઓ બાબતે સુપ્રીમે કેન્દ્રનો જવાબ માગ્યો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

એમ્બ્યુલન્સમાં હંમેશા જરૂરી લાઈફ સપોર્ટ સુવિધા રાખવા અને તેને કાર્યરત સ્થિતિમાં જાળવવાની દાદ માગતી અરજી સંદર્ભે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે ખુલાસો માગ્યો છે. એમ્બ્યુલન્સમાં લાઈફ સપોર્ટ સીસ્ટમ ન હોવાના કારણે હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલાં જ પોતાના પિતા ગુમાવનારી દીકરીએ કરેલી અરજીને સુપ્રીમ કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.જાણીતા કાર્ડિયો-થોરાસિસ સર્જન અને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સીસના ડાયરેક્ટર ડૉ. પી વેણુગોપાલની દીકરી સાઈઅંશા પનનગિપલ્લી અને પત્ની પ્રિયા સરકારે રજૂઆત કરી હતી કે, ડૉ. વેણુગોપાલને હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં લઈ જવાય તે પહેલાં જ તેઓ એમ્બ્યુલન્સમાં મૃત્યુ પામ્યા હતા. એમ્બ્યુલન્સમાં ઈમરજન્સી લાઈફ સપોર્ટ સુવિધા ન હોવાના કારણે તેમને ઓક્સિજન મળી શક્યો ન હતો. જેના કારણે ડૉ. વેણુગોપાલનું નિધન થયું હતું.પિતાના નિધન બાદ અરજદારને લાગ્યુ હતું કે, દેશભરની એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સહિતની ઈમરજન્સી લાઈફ સપોર્ટ સુવિધાનો અભાવ છે. આ બાબતે કોઈ ચોક્કસ નિયમો ન હોવાથી સ્થિતિ અત્યંત ચિંતાજનક બની છે. એમ્બ્યુલન્સમાં જીવન રક્ષક સારવાર મળી રહે તો અનેક જીવ બચી શકે છે. નેશનલ હેલ્થ મિશનના ૧૬મા કોમન રીવ્યૂમાં પણ અનેક રાજ્યોમાં એમ્બ્યુલન્સનું મિસમેનેજમેન્ટ હોવાનું કહેવાયું છે. સુપ્રીમ કોર્ટે અરજીને સુનાવણી માટે ગ્રાહ્ય રાખી એમ્બ્યુલન્સના ઓપરેશન, મેન્ટેનન્સ અને રેગ્યુલેશન્સ બાબતે હાલની સ્થિતિની સમીક્ષા કરવા અને વાસ્તવિક પરિસ્થિતિમાં તેની સેવામાં આવતી ક્ષતિને સુધારવા માટે સ્વતંત્ર સમિતી બનાવવા અને માર્ગદર્શિકા તૈયાર કરવા બાબતે કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી ખુલાસો માગ્યો છે.

## 3 સૂત્રની ફોર્મ્યૂલા દ્વારા ભાજપ પસંદ કરશે ઉમેદવારો

### ભાજપ વર્તમાન ૧૬ ધારાસભ્યોને ટિકિટનો ઇનકાર કરી શકે છે : ૭૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને ટિકિટ મળી શકે



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

બિહાર વિધાનસભા ચૂંટણી માટે શાસક પક્ષ એનડીએ ગઠબંધનમાં બેઠકની ફાળવણી મુદ્દે જાહેરાત કર્યા બાદ હવે ઉમેદવારોની જાહેરાત થશે. સૂત્રોએ જણાવ્યા પ્રમાણે, ભાજપે ગઠબંધન હેઠળ ફાળવવામાં આવેલી તમામ ૧૦૧ બેઠકો માટે ઉમેદવારોની પસંદગીને અંતિમ સ્વરૂપ આપ્યું છે, અને જાહેરાત ગમે ત્યારે થઈ શકે છે.

સૂત્રો એ પણ સૂચવે છે કે પાર્ટી બિહારમાં ટિકિટ વિતરણમાં ગુજરાત મોડલ અપનાવશે નહીં. આનો અર્થ એ થયો કે તે 30% વર્તમાન ધારાસભ્યોને ટિકિટ આપવાનો ઈકાર કરશે નહીં. ભાજપે ઘણીવાર ચૂંટણીઓમાં આ મોડલનો ઉપયોગ કર્યો છે, લગભગ 30% વર્તમાન ધારાસભ્યોનું પત્તું કાપે છે અને તેમની જગ્યાએ યુવા ઉમેદવારોને તક આપે છે, પરંતુ આ વખતે બિહારમાં આ મોડલ અપનાવવામાં આવશે નહીં.

ભાજપ વર્તમાન ૧૬ ધારાસભ્યોને ટિકિટ આપવાનો ઈકાર કરી શકે છે. વધુમાં, ૭૫ વર્ષથી વધુ ઉંમરના લોકોને પણ ટિકિટ મળી શકે છે. ભાજપ જે ધારાસભ્યોનું પત્તું કાપશે, તેમના સ્થાને મહિલાઓ અને યુવાનોને મેદાનમાં ઉતારવાની રણનીતિ વિકસાવી છે. સૂત્રો અનુસાર, ભાજપ ત્રણ-મુદ્દાની ફોર્મ્યુલાના આધારે સહયોગી પક્ષને ફાળવવામાં આવેલી તમામ ૧૦૧ બેઠક માટે ઉમેદવારો ઊભા રાખશે. આ અંતર્ગત, જાતિય સમીકરણો, જીતી શકાય તેવા ઉમેદવારો અને યુવાનોની ભાગીદારી પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

સૂત્રોને ટાંકીને એક અહેવાલમાં જણાવાયું છે કે ભાજપ મોટાભાગે વર્તમાન ધારાસભ્યોને મેદાનમાં ઉતારી રહી છે કારણ કે તેમાંના ઘણા ૨૦૨૦માં નવા ચહેરા હતા. પાર્ટી માને છે કે પહેલી વાર ચૂંટાયેલા ધારાસભ્યો અને સરકાર સામે કોઈ એન્ટિ-ઈકમ્બન્સી નથી, તેથી સરેરાશ 30% ધારાસભ્યોનું પત્તુ કાપવાનું ગુજરાત મોડલ અપનાવાશે નહીં. પાર્ટી આ વખતે ઘણી મહિલા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાની રણનીતિ પર પણ કામ કરી રહી છે. એવી ચર્ચા છે કે પાર્ટી વિધાનસભા ચૂંટણીમાં કેટલાક કેન્દ્રીય નેતાઓને પણ મેદાનમાં ઉતારી શકે છે. પાર્ટી મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં આ મોડલ અપનાવી ચૂકી છે.

# ચીનના ૧૩ ફાઈટર જેટ-૬ જહાજ તાઈવાન નજીક દેખાયાનો દાવો

**। (એજન્સી) તાઈવાન, તા.૧૪ ।**

ઈઝરાયલ અને હમાસ વચ્ચે ગાઝામાં ચાલી રહેલું યુદ્ધ સમાપ્ત થતાની સાથે જ એક નવું સંકટ ઉભું થયું છે. વાસ્તવમાં ચીન અને તાઈવાન વચ્ચે ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે, ત્યારે ચીનના ૧૩ ફાઈટર જેટ અને ૬ જહાજો તાઈવાનને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનો તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે આજે દાવો કર્યો છે. દાવા મુજબ, તેમાંથી આઠ ફાઈટર જેટ તાઈવાનની જળસંધિની મધ્ય રેખા પાર કરીને તાઈવાનના ઉત્તર, દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ હવાઈ સંરક્ષણ ક્ષેત્રો



(છદ્વિઝ)માં ઘૂસણખોરી કરી છે. મંત્રાલયે કહ્યું છે કે, અમારી સેના ચીનની તમામ ગતિવિધિઓ પર ખાસ નજર રાખી રહી છે.

તાઈવાનના સંરક્ષણ મંત્રાલયે એક્સ પર પોસ્ટ કરીને કહ્યું છે કે, 'તાઈવાનની નજીક ચીનના ૧૩ ફાઈટર જેટ અને નૌસેનાના ૬ જહાજો જોવા મળ્યા છે. તેમાંથી આઠ ફાઈટર જેટે તાઈવાનના ક્ષેત્રમાં ઘૂસણખોરી કરી છે. અમારી સેના ચીનની કરતુતો પર નજર રાખીને બેઠી છે અને જરૂર પડશે તો યોગ્ય કાર્યવાહી કરીને જવાબ પણ આપશે.

રવિવારે પણ ચીનના ૧૬ ફાઈટર જેટ, ૮ જહાજો અને એક સરકારી યુદ્ધ જહાજ સરહદ નજીક પહોંચી ગયા હોવાનો અને તેમાંથી ૧૩ ફાઈટર જેટે તાઈવાનના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હોવાનો તાઈવાને દાવો કર્યો હતો. આમ ચીને સતત બીજી રાત્રે તાઈવાન પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ચીન તાઈવાનને પોતાનો 'વિશેષ પ્રશાસનિક ક્ષેત્ર' માને છે, એટલે કે ચીન તાઈવાનને પોતાના મુખ્ય ભૂમિનો જ એક ભાગ ગણે છે અને અલગ દેશ તરીકે માન્યતા આપતું નથી. આ દાવો હોવાથી ચીન તાઈવાનની આસપાસના વિસ્તારોમાં પોતાની સૈન્ય ગતિવિધિઓ અને દેખરેખને સતત વધારી રહ્યું છે. ચીની સેના વારંવાર તાઈવાનની આસપાસ હવાઈ અને દરિયાઈ પેટ્રોલિંગ કરતું રહ્યું છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકાસ સપ્તાહ

૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

## વિકાસ સપ્તાહે લખ્યો વિશ્વાસનો અધ્યાય

**₹૨૮૮૫ કરોડ**થી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં

## લોકાર્પણ અને ખાતમુહૂર્ત



માનનીય મુખ્યમંત્રી

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના

વરદ્‌હસ્તે



"ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે,
રાજ્યના વિકાસથી દેશનો વિકાસ,
**વિકસિત ભારત** માટે **વિકસિત ગુજરાત...**"

- **શ્રી નરેન્દ્રભાઈ મોદી**, માનનીય વડાપ્રધાન

ગરિમામયી ઉપસ્થિતિ

## શ્રી ઋષિકેશ પટેલ

માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને
તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર,
વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૨૦૭૯ કરોડથી વધુના કુલ ૨૯૯ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



ગૃહ વિભાગના ₹ ૪૨ કરોડથી વધુના કુલ ૭ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ₹ ૨૫૨ કરોડથી વધુના કુલ ૬૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ₹ ૨૩ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

પ્રાથમિક શિક્ષણ વિભાગના ₹ ૧૩૮ કરોડથી વધુના કુલ ૮૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ₹ ૪૦ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ₹ ૮૩ કરોડથી વધુના કુલ ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

૧૦ IAS કોચિંગ સેન્ટરનો શુભારંભ




ઉદ્યોગ અને ખાણ વિભાગના ₹ ૩૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૮૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

ટેકનિકલ શિક્ષણ વિભાગના ₹ ૩૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૫૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

પ્રવાસન વિભાગના ₹ ૨૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

કાર્યક્રમ સ્થળ માટે સ્કેન કરો

૧૫ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર | સવારે ૧૦:૦૦ વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGuj CMOGuj CMOGujarat CMOGujarat